# અધ્યાત્મ



વર્ષ : ૪૮, એપ્રિલ ૨૦૨૬, અંક : ૭

## ॥ દિલમાં જરી ॥

દિલમાં જરી જુઓ તો કોઈય ત્યાં રમે છે?
એક જ તમારું આસન; ના અન્ય કો ગમે છે.
આરાધના તમારી અંતરમહીં હંમેશાં,
જીવન તમોને અર્પ્યું, બીજાનો માર્ગ છે ક્યાં ?
ચરણે તમારે મનડું મલકે ફરે ભમે છે;
દિલમાં જરી ....
સુંદર સ્વરૂપ છોડી હૈયું હઠે ન ક્યાંયે
સંતપ્ત શાંતિ પામે કોઈક જેમ છાંયે,
અમૃત થકીય અદકાં ભોજન સદા જમે છે.
દિલમાં જરી ....
ના ચાહના કશાની, ના વાસના નકામી.
તૃષ્ણા બધી તમારી વિણ છે ખરે વિરામી;
અંતર બધે તમારી ઝાંખી કરી નમે છે.
દિલમાં જરી ....
ના ગુપ્ત ગૂઢ કોઈ જગ્યા રહી હૃદયમાં
જ્યાં સ્થાન ના તમારું, જ્યાં અન્ય કો રમે છે;
પાગલ તમારે માટે આ પ્રાણ કૈંક દિનથી
આવો પ્રસન્ન થાયે, પીડા સદા ખમે છે.
દિલમાં જરી ....

- પૂ. શ્રીયોગેશ્વરજી
('અભીપ્સા' કાવ્યસંગ્રહ)

|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રીનારાયણ જાની

**સંપાદક :** શ્રીતરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રીઆશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'


ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ **૮-૦૦**। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :


**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ મો.નં.+૯૧ ૯૬૦ ૧૫૮ ૧૯૨૧

# ॥ ભય ડૂબાડે છે, નદી નહિ ॥

એક સૂફીકથા છે. ત્રણ સાધકો એકવાર એક નહેર કે જેમાં પાણી નહોતું એની પાસેના તંબૂમાં રોકાઈ ગયા. નહેરમાં અચાનક કંઈક ખોદાતાં પાણી ઉભરાયું. તંબૂ ડૂબવા લાગ્યો. સાધકોના ગળા સુધી પાણી આવી ગયું.

એક સાધકે છલાંગ મારી ને તે પાણીમાંથી બહાર આવી ગયો. બીજો પણ ડરનો માર્યો જેમ તેમ છલાંગ મારી, પાણીની બહાર આવી ગયો. ત્રીજાના માથા પર પાણી આવી ગયું ને એ બેહોશ થઈ ગયો. એને માંડ માંડ બહાર ખેંચી શકાયો.

એણે હોશમાં આવતાં કહ્યું; જાન બચાવવી કે ખોઈ નાખવી એવો પ્રશ્ન જ નહોતો જાગ્યો. ત્યારે મન જ નહોતું. બધા વિચાર ખોવાઈ ગયા હતા. પાણીમાં ભીતર દર્શન થયું. બહારનો ભય વિસ્મૃત થયો. કોઈ સંકટ દેખાયું જ નહિ.

ડર, ભય, ચિંતા, સંતાપ—બધી પીડા પોતાને કારણે જ હોય છે. એમાંથી બચવાનો ઉપાય જ ડૂબાડે છે.

ગુરુ ડરને કાપે છે એમ કહી કે 'હું ઊભો છું.' ને ભય કપાય છે. સાધક નદીમાં સૂઈ જાય છે ને નદી એને સંભાળે છે ! કારણ કે ભય ડૂબાડે છે, નદી નહિ !

**—એક સૂફીકથા**

|| ॐ યોગેશ્વરાય નમઃ || || ॐ 'મા' સર્વેશ્વર્યૈ નમઃ ||

# || એપ્રિલ–૨૦૨૬ ||

## || સમજણનું શુભ મુહૂર્ત ||

તમને એમ લાગે કે હું વ્યર્થ જીવન જીવી રહ્યો છું, ઘાણીના બળદની જેમ ચક્કર લગાવી રહ્યો છું. તો હવે શાંત બેસીને વિચારો કે અત્યાર સુધી જે કર્યું તેનો સાર શું હતો ? જે હતું તે વ્યર્થ હતું પણ એમ ના માનતા કે બધું વ્યર્થ છે, સાર્થક પણ છે. પરમાત્માનો આભાર માનો કે જે વ્યર્થ હતું તે દેખાડી દીધું. હવે સાર્થક પણ પ્રગટ થઈ શકશે. સમજણનું આ શુભ મુહૂર્ત છે.

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૭ |
| ૧ | શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી'મા' સર્વેશ્વરી | ૮ |
| ૨ | દેવેન્દ્રનાથ સત્યાર્થીની નિરાભિમાનીતા | શ્રીયોગેશ્વરજી | ૯ |
| ૩ | પરિગ્રહ, લાલસા તથા માલિકીપણાની ભાવના દુઃખનું મૂળ | " | ૧૩ |
| ૪ | વિવેકાનંદની શંકા સમાધાન કરવાની પદ્ધતિ | " | ૧૬ |
| ૫ | માતાપિતાની સેવા વિના બધું વ્યર્થ છે | " | ૧૯ |
| ૬ | દેશને સેવાવીરોની જરૂર છે | " | ૨૩ |
| ૭ | સળગતાં લાકડાએ ઉપદેશ આપ્યો | " | ૨૫ |
| ૮ | જનાર્દન સ્વામીનો અનુગ્રહ | " | ૨૬ |
| ૯ | બુરાઈનો બદલો | " | ૩૦ |
| ૧૦ | જ્ઞાનીની શાંતિ | " | ૩૩ |
| ૧૧ | આત્માનું અન્વેષણ | " | ૩૬ |
| ૧૨ | સિદ્ધપુરના વિરલ સંત | શ્રીતરલા દેસાઈ | ૩૯ |
| ૧૩ | પૂ.શ્રી'મા'ની અદ્ભુત સંતપ્રીતિ-સત્પ્રીતિ | સંકલન | ૪૧ |
| ૧૪ | જીવન સંગીત છે, યુદ્ધભૂમિનું મેદાન નથી | શ્રીવિમલા ઠકાર | ૪૪ |
| ૧૫ | સહજ સ્વરૂપમાં રહો | સંકલન | ૫૩ |
| ૧૬ | આરતીનું માહાત્મ્ય | " | ૫૮ |
| ૧૭ | કમળના ખીલવાની સફર | શ્રીનિષ્ઠા પંડ્યા | ૬૨ |
| ૧૮ | એક કાવ્યરચના | શ્રીરુચિત પંડ્યા | ૬૩ |
| ૧૯ | શ્રીસુશીલાબેનનાં આશીર્વચન | શ્રીસુશીલા ભક્ત | ૬૪ |

**નિવેદન : ॥ પરમ પૂજ્ય 'મા' સાથે હંમેશ અનુસંધાન રહે છે ॥**

પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરી વિદેશના સોએક દિવસની યાત્રા બાદ હાલ મુંબઈમાં 'એકાન્ત મૌન'માં છે. પરંતુ તેઓશ્રીની સૂક્ષ્મ 'ગરિમાપૂર્ણ ઉપસ્થિતિ' આપણને આપણા શરીર-મનથી ઉપર ઉઠાવી, આપણા 'સાચા અસ્તિત્વ' તરફ અભિમુખ કરે છે. આધ્યાત્મિક શાંતિની સુગંધથી જગતની ઉપાધિઓ તેમજ પીડાઓનું વિસ્મરણ કરાવે છે.

પરમ પ્રેમમયી 'મા' જીવનના બધા સ્તરોને સ્પર્શે છે. પરંતુ કોઈ તત્ત્વજ્ઞાનની શાખા, સંપ્રદાય કે ધર્મ એમના પર દાવો કરી શકે તેમ નથી. કેમકે એ કોઈ તૈયાર ચોકઠાના વર્ગીકરણમાં સહેલાઈથી બંધ બેસે તેમ નથી. તેઓશ્રી મુક્ત જીવ્યાં છે, મુક્ત રહ્યાં છે અને એ જ રીતે દરેકને મુક્ત રહેવા દીધાં છે.

સંત, તત્ત્વજ્ઞાની, પરમ ભક્ત કે ઈશ્વરનો અવતાર આ બધી પરિભાષાઓ એમને પરિપૂર્ણ રીતે વર્ણવવા અસમર્થ છે. તેઓશ્રી કોઈ પરંપરાની સરજત નથી. તેઓશ્રી કહે છે તેમ; 'એક આંખમાં પ્રેમ અને બીજી આંખમાં ક્ષમા' તેમનો પરિચય છે. નિતાન્ત કરુણાનું અસ્ખલિત વર્ષણ તો એવું કે ઘણી અઘરી કસોટીઓ તેમજ શ્રદ્ધાને ડગુમગુ કરી દેતા અસલામતીના આંચકા આવે પણ જે ભક્ત પૂ.શ્રી'મા'માં શ્રદ્ધાવાન છે; તેની સંભાળ હંમેશાં લેવાય છે.

આપણે તેમની સાથે હંમેશ અનુસંધાન અનુભવી શકીએ છીએ. તે કદી આપણને ત્યજતા નથી ને આપણે પણ આપણા એ સદ્‌ગુરુથી કદી દૂર જઈ શકતા નથી. આવાં પરમ કૃપાળુ 'મા'ને આપણા કોટિ કોટિ પ્રણામ !

# ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

**તા.૧૬/૬/૧૯૮૩, ગુરુવાર. જેઠ સુદ છઠ, વિ.સં.૨૦૪૦**
**સ્થળ : મસૂરી.**

સવારે નિયમિત લેખન પછી પૂ.શ્રી સાથે સાંઈબાબાની સ્તુતિ બોલીએ છીએ. દરરોજ શું બનાવીએ, એ પ્રશ્નના ઉત્તરમાં છેવટે ખીચડીની પ્રિય વાનગી જ આવીને ઊભી રહે એ રીતે આજે પણ ખીચડી ને ટામેટાનું શાક બનાવી સમયસર અગિયાર વાગ્યે ભોજન લઈ લીધું.

ત્યાર બાદ રાજપાલ સ્ટુડીઓવાળા ભાઈ અને એમની પુત્રી મળવા આવે છે. તે સમયે પ્રશ્નોત્તરીમાં એક પ્રશ્નના જવાબમાં પૂ.શ્રી કહે છે. 'માંસાહાર શરીરમાં અનેક રોગો ઊભા કરે છે. જો માનવમાં બુદ્ધિ હોય તો તે વિચાર કરે કે જે ભોજનની થાળી પર હું બેઠો છું તે કોઈકને મારીને તૈયાર થઈ છે. તેમાં કોઈકનું લોહી રેડાયું છે. તો માનવ વિચારે કે મને મારીને કોઈ ભોજન કરે તે મને ન ગમે તો આ મૂંગા પ્રાણીઓને મારીને આપણે શા માટે ભોજન કરીએ ? જીવવા માટે પસંદગી કરવી પડશે. અમુક રીતે જીવવું પડશે જેથી ફળ, દૂધ, શાકભાજી, અનાજ ખાવાં પડશે. તેમાં પેલા મૂક પ્રાણીઓ જેવી હિંસા સમાયેલી નથી.'

બે વાગ્યા સુધી તેઓ સાથે ચર્ચા, પ્રશ્નોત્તરી થાય છે. ત્યાર બાદ આરામ. સાંજે થોડું ફરવા જઈએ છીએ. આજે પૂ.શ્રીની સૂચના મુજબ ગુજરાતી ભજન પ્રવચન પછી ગાવાનું છે.

પ્રવચન મોડું શરૂ થયું તેથી મોડું પૂરું થયું જેથી હિન્દી ભજન જ ગાયું. પ્રવચન બાદ ઉપર આવી આરામ.

હરિઃૐ હરિઃૐ હરિઃૐ

**—શ્રી'મા' સર્વેશ્વરી**

# ॥ દેવેન્દ્રનાથ સત્યાર્થીની નિરાભિમાનીતા ॥

કેટલાક પ્રસંગો એવા હોય છે જે કાળજામાં કાયમને કાજે જડાઈ જાય છે. જીવનમાં એ જુદી જ ભાત પાડે છે, અને પોતાની સુમધુર સુવાસ વરસોનાં વરસો સુધી મૂકી જાય છે. એ સુવાસ અક્ષય હોય છે એમ કહીએ તો ચાલે. એમાં કશી જ અતિશયોક્તિ નથી થતી.

એ પ્રસંગોની સ્મૃતિ પણ ભારે આનંદ આપનારી સાબિત થાય છે. એટલું જ નહિ, પ્રેરક પણ થઈ પડતી હોય છે. જ્યારે જ્યારે એમનું સ્મરણ કરવામાં આવે છે. ત્યારે ત્યારે એ એક પ્રકારનો અસાધારણ, અવિસ્મરણીય શક્તિસંચાર કરે છે, અને ચિત્તને તાજગીથી ભરે છે.

જે પ્રસંગનો અહીં ઉલ્લેખ કરી રહ્યો છું એ એક એવો જ અનેરો અને અવિસ્મરણીય પ્રસંગ છે જૂનો ને વરસો પહેલાંનો પરંતુ વરસોથી એ એવો ને એવો જ અકબંધ રહીને અથવા તો અસાધારણ બનીને મારા મગજમાં રમી રહ્યો છે. વરસોથી મારા અંતરાત્માએ એને વાગોળ્યા કર્યો છે, અને એને આદર્શ માનીને પોતાના સનાતન સંગ્રહસ્થાનમાં સાચવી રાખ્યો છે. આજે પણ મને એ પ્રસંગ એવો જ અનેરો અથવા તો પ્રેરણાસ્પદ લાગે છે, અને એની સાથે સંકળાયેલી વ્યક્તિ વિશે મનમાં માન જાગે છે.

મેં તો મારા જીવનમાં જાણ્યું છે કે સંસારની નાની કે મોટી, સાધારણ કે અસાધારણ, પ્રત્યેક વસ્તુ કે વ્યક્તિ દ્વારા કાંઈ ને કાંઈ શીખી શકાય છે. ઉત્તમ જીવન જીવવાનો મંત્ર એક યા બીજી રીતે બધાં જ પૂરો પાડતાં હોય છે. ફક્ત તે મંત્રને ઝીલી

લેવાની શક્તિ માણસમાં હોવી જોઈએ. ભાગવતમાં દત્તાત્રેયના ચોવીસ ગુરુઓની કથા આવે છે તે શું કહી બતાવે છે ?

તેમનો મધ્યવર્તી વિચાર શો છે ? એ જ ભક્ત માણસની અંતરની આંખ જો ઉઘાડી હોય તો તે સંસારમાં ડગલે ને પગલે સદુપદેશથી ભરેલા સદ્‌ગ્રંથો જોઈ શકે. સંસાર એને માટે એક મહામૂલ્યવાન યુનિવર્સિટી બની જાય છે. એવી રીતે જીવનમાં જો આંખ ઉઘાડી રાખીને ચાલીએ તો કેટલીય અવનવી જીવનોપયોગી, સામગ્રી મેળવી શકીએ એમાં સંદેહ નથી.

હું જે પ્રસંગનું વર્ણન કરી રહ્યો છું તે પ્રસંગ આજથી પચીસેક વરસ પહેલાં બનેલો છે.

તે વખતે હું વિદ્યાભ્યાસના વખત દરમિયાન એક સંસ્થામાં રહીને જીવન નિર્ગમન કરતો હતો.

એ સંસ્થા મુંબઈમાં ચોપાટી પરના લત્તામાં આવેલી હતી.

સંસ્થાનું મકાન એટલું બધું વિશાળ અને સુંદર હતું કે જાણે રાજમહેલ જ જોઈ લો.

એમાં રહેનારા વિદ્યાર્થીઓ વાર્ષિકોત્સવ કરતા, અને એ વખતે જુદા જુદા વિદ્વાન તથા નામાંકિત માણસોને નોતરતા. એમની પાસે પ્રવચનો કરાવતા, ગીત ગવરાવતા, અને એવી રીતે એમના અનુભવજ્ઞાનનો લાભ લેતા.

એ વાર્ષિકોત્સવમાં નાટક, સમૂહગીત, સંગીતકાર્યક્રમ તથા વ્યાયામના ચિત્તાકર્ષક જુદાજુદા પ્રયોગો થતા, અને હું પણ એમાં ભાગ લેતો. એ બધો કાર્યક્રમ એકંદરે ઘણો જ આનંદદાયક થઈ પડતો.

એ વરસે મુંબઈમાં શ્રીદેવેન્દ્રનાથ સત્યાર્થી આવેલા. તેમને ભારતનાં લોકગીતોનો ખૂબ જ શોખ હતો. એ શોખથી પ્રેરાઈને એ ભારતના ભિન્ન ભિન્ન પ્રાંતોમાં પ્રવાસ કરતા ને તેમનાં લોકગીતોનો અભ્યાસ કરતા. એમનો જન્મ બંગાળમાં થયો હતો અને શાંતિનિકેતનમાં રહીને એમણે અભ્યાસ કર્યો હતો. અમારા ગૃહપતિએ એમને આમંત્રણ આપ્યું તે જાણીને અમને અત્યંત આનંદ થયો. સંસ્થાના વાર્ષિકોત્સવમાં એમનો લોકગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

સામાન્ય રીતે એવું બનતું કે કોઈ અતિથિવિશેષ અથવા આમંત્રિત મહાનુભાવ આવતા ત્યારે સંસ્થાના પ્રવેશદ્વાર પાસે ઊભેલા બૅન્ડવાળાઓ બૅન્ડના સરોદ વગાડીને તેમનું સ્વાગત કરતા. પરંતુ દેવેન્દ્રનાથ સત્યાર્થી એ દિવસે મોડા પડ્યા. બૅન્ડવાળાઓએ ઓળખ્યા નહિ, એટલે એમનું સ્વાગત પણ ના થયું. અને વધુમાં, કાર્યક્રમની શરૂઆતનો સમય થઈ ગયો હોવાથી, કાર્યક્રમ શરૂ થયો, અને ગૃહપતિ પણ પોતાની ખુરસી પર જઈને બેસી ગયા.

દેવેન્દ્રનાથ સત્યાર્થી આવ્યા તો ખરા, પરંતુ મોડા આવ્યા, અને એ વખતે બીજો કાર્યક્રમ ચાલતો હોવાથી, દર્શકોના વિશાળ સમુદાયમાં જઈને કોઈનું ધ્યાન ના ખેંચાય એવી રીતે ચૂપચાપ બેસી ગયા. કાળી ભમ્મર લાંબી દાઢી પરથી એ આગળ તરી આવે એવા તો હતા જ, પરંતુ કોઈ એમને ઓળખી ના શક્યું. એટલે એ શાંતિપૂર્વક બેસી રહ્યા.

પરંતુ એમને માટે એવી રીતે અજ્ઞાતરૂપે બેસી રહેવાનું બહુ લાંબા વખતને માટે નહતું લખાયું.

થોડોક વખત વીતી ગયા પછી અમારા ગૃહપતિની નજર એમના પર પડી. પોતાની ક્ષતિને માટે એમને અફસોસ થયો. એ જલદી જલદી ઊભા થયા. એ વિદ્વાન પુરુષ પાસે પહોંચી ગયા, ને એમને આમંત્રિતોને બેસવા માટેની આગલી હરોળમાં લઈ આવ્યા.

નિયત સમયે એમનો લોકગીતોનો કાર્યક્રમ શરૂ થયો.

લોકોને એ કાર્યક્રમ ખૂબ પસંદ પડ્યો.

કાર્યક્રમની પરિસમાપ્તિ પછી અમે એ નમ્રતાની મૂર્તિ જેવા મહાપુરુષની પાસે પહોંચી ગયા.

કોઈએ એમને પૂછ્યું : 'તમને કોઈ ઓળખત નહિ તો આવી અજ્ઞાત રીતે ક્યાં લગી બેસી રહેત ?'

'કેમ ?' તેમણે હસતે મુખે કહેવા માંડ્યું : 'બધો કાર્યક્રમ પૂરો થાત ત્યાં સુધી, બધા વિદાય થાત એટલે હું પણ એમની સાથે વિદાય થાત.'

'પણ તમારે કોઈનું ધ્યાન તો ખેંચવું' તું ?'

'એથી બધાની નજર મારા પર પડત ને જે કાર્યક્રમ ચાલતો'તો તેમાં ભંગ પડત.'

કેટલી બધી નિરાભિમાનીતા, નમ્રતા, ને કેટલી બધી આત્મજાગૃતિ ! બીજાને માટે એ પ્રસંગ પદાર્થપાઠરૂપ છે. આજે પણ હું એને નથી ભૂલી શક્યો, નહિ ભૂલી શકું.

**—પૂ.શ્રીયોગેશ્વરજી**

# ॥ પરિગ્રહ, લાલસા તથા માલિકીપણાની ભાવના દુઃખનું મૂળ ॥

શ્રીમદ્ ભાગવતમાં દત્તાત્રેયના ચોવીસ ગુરુની વાત આવે છે. એમાં સમડીને પણ ગુરુ કરી છે.

ગુરુ એટલે શું ?

ગુરુ શબ્દના અર્થ બીજા અનેક કરવામાં આવતા હોય અને આવે છે, પરંતુ એનો મુખ્ય અર્થ તો માર્ગદર્શક થાય છે. માર્ગદર્શક અથવા તો પથપ્રદર્શક છે.

જીવનમાં જે આત્મવિકાસ અથવા તો પ્રગતિના સાચા પંથનું દર્શન કરાવે, તે પંથે પ્રયાણ કરવાની શક્તિ આપે કે પ્રેરણા પૂરી પાડે અને અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરીને જે જ્ઞાનનો પરમ પાવન પ્રકાશ જીવનમાં પાથરી દે, તે ગુરુ કહેવાય, એ ગુરુ કોઈ જીવંત મનુષ્ય જ હોવો જોઈએ એવું નથી. જેની પાસેથી એવી જીવનોપયોગી મહત્ત્વની મદદ મળે તે ગુરુ, એવી વિશાળ દૃષ્ટિને નજર સમક્ષ રાખીને જ્ઞાનની પ્રાપ્તિમાં અને એ દ્વારા જીવનવિકાસમાં મદદરૂપ થનાર સૌ કોઈને દત્તાત્રેયે ગુરુ માન્યા છે અને ગુરુના પૂજ્યભાવથી પ્રણામ કર્યાં છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ જેવા પંચ મહાભૂતોને તો એમણે ગુરુ કર્યાં જ છે, પરંતુ સમડી જેવાં પક્ષીને પણ ગુરુ કર્યાં છે.

સમડીને પણ દત્તાત્રેયે ગુરુ કરી.

હા. સમડીને જોઈને પણ એમણે બોધપાઠ મેળવ્યો અને એને ગુરુ કરી.

કેવી રીતે તે જોઈએ.

એક વાર દત્તાત્રેયે ફરતાફરતા એક ઠેકાણેથી બીજે ઠેકાણે જઈ રહ્યા હતા ત્યાં એમની નજર અચાનક એક સમડી પર પડી.

તે સમડી બેચેન બનીને આકાશ તરફ ત્વરાથી ઊડતી હતી અને બીજી અસંખ્ય સમડીઓએ એનો પીછો પકડ્યો હતો.

એવું લાગતું'તું કે એ બધી સમડીઓ પેલી સમડીને હમણાં જ પકડી પાડશે.

સમડી ગભરાઈ ગઈ હોવાથી જાણે કાંઈ સૂઝતું ન હોય એમ, આમતેમ ઉપરાઉપરી ચક્કર મારતી'તી.

આખરે એ થાકી.

બીજી સમડીઓ એની પાસે સિફતથી દોડી આવીને એને ચાંચ મારવા લાગી એટલે પોતાનું રક્ષણ પોતે નહિ કરી શકે એવી પ્રતીતિ થવાથી એ એક ઝાડ પર જઈને બેસી ગઈ.

એ વખતે પોતાના મોઢામાંનો માંસનો ટુકડો એણે નીચે નાખી દીધો.

માંસનો ટુકડો નીચે પડ્યો એટલે પાછળ પડેલી બધી જ સમડીઓ એ સમડીને છોડી દઈને એ ટુકડા તરફ ધસી ગઈ.

સમડી હવે નિર્ભય બની.

દત્તાત્રેયને એ સમડીની બેચેની અથવા અશાંતિનું રહસ્ય હવે જ સમજાયું.

જ્યાંસુધી મોઢામાં માંસનો લોચો હતો ત્યાંસુધી એના પર બીજી સમડીઓની દૃષ્ટિ હતી અને એને આપત્તિ હતી. પરંતુ માંસનો ટુકડો મૂકી દેતાં એ આપત્તિ હવે દૂર થઈ એ બધું

નિરીક્ષણ કરી રહેલા અવધૂત દત્તાત્રેયે સમડીને સદ્‌ગુરુ માનીને મનોમન પ્રણામ કર્યા ને કહ્યું : 'તું મારી ગુરુ. તારી પાસેથી મને આજે જાણવા મળ્યું કે પરિગ્રહ જીવને દુઃખી કરે છે અને અપરિગ્રહ સુખનું કારણ થઈ પડે છે. એટલા માટે જેણે સુખશાંતિની પ્રાપ્તિ કરવી હોય તેણે પરિગ્રહવૃત્તિનો ત્યાગ કરવો.'

પરિગ્રહવૃત્તિ, માલિકીપણાની ભાવના, દુન્યવી પદાર્થોની લાલસા કે વાસના દુઃખદાયક છે એ સાચું છે. એથી પ્રેરાઈને જે ભાતભાતનાં ને જાતજાતનાં કર્મો કરવામાં આવે છે તે માનવને શુભાશુભ ફળબંધનથી બાંધે છે અને અશાંત બનાવે છે. એટલે જીવનમાં જેને શાંતિ મેળવવાની ઈચ્છા હોય તેણે પદાર્થોમાંથી માલિકીપણાની ભાવનાને કાઢી નાખવી, દુન્યવી પદાર્થોની લાલસા, વાસના કે તૃષ્ણાને ટાળવી, પરિગ્રહવૃત્તિને દૂર કરવી ને બહારની દુનિયામાંથી મનને પાછું વાળીને પોતાની અંદરની દુનિયામાં અથવા તો આત્મામાં એને સ્થિર કરવું. એજ શાંતિનો માર્ગ છે, સુખનો રસ્તો છે.

દત્તાત્રેયે સમડીને ગુરુ કરીને ગ્રહણ કરેલો એ ઉપદેશ સમસ્ત સંસારને માટે કામનો છે. એ દૃષ્ટિએ જોતાં એની મહત્તા ધારવા કે માનવા કરતાં ઘણી મોટી છે. એને ઝીલીએ તો લાભ થાય.

**—પૂ.શ્રીયોગેશ્વરજી**

## ॥ વિવેકાનંદની શંકા સમાધાન કરવાની પદ્ધતિ ॥

વેદાંતકેસરી વીર સ્વામી વિવેકાનંદની ઉપદેશ આપવાની પદ્ધતિ અત્યંત વિલક્ષણ હતી.

ઉપદેશ આપવા માટે કોઈ કોઈવાર એ એવી વિશેષ પદ્ધતિ અખત્યાર કરતા જે સામેની વ્યક્તિને અથવા તો શ્રોતાવર્ગને અચૂક અસર કરતી.

એની અસર નીચે આવીને માણસો મંત્રમુગ્ધ જેવા બની જતા.

વિવેકાનંદના પ્રભાવનું એ પણ એક કારણ હતું.

એને લીધે અસંખ્ય લોકો એમની તરફ આકર્ષાતા અને એમના માર્ગદર્શનને માટે એમની આજુબાજુ ટોળે વળતા.

આવો, સ્વામી વિવેકાનંદની ઉપદેશ આપવાની એ અસાધારણ પદ્ધતિની જરીક ઝાંખી કરી લઈએ.

અમેરિકામાં એકવાર સ્વામી વિવેકાનંદજી પ્રવચન કરી રહ્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણને માટે ગોપીઓના હૃદયમાં જે પરમપ્રેમનો અણર્વ ઉછાળા મારી રહ્યો હતો તેનું વર્ણન કરતા પ્રસંગો એમની આગળ બેઠેલા શ્રોતાજનોને સંભળાવી રહ્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણ મથુરા જઈ રહ્યા છે ત્યારે ગોપીઓ પ્રેમમાં પારાવાર ડૂબી ગઈ છે. એમનો પ્રેમ એટલો બધો પ્રબળ છે કે એની કલ્પના પણ ના કરી શકાય. કોઈ ગોપી કૃષ્ણ ભગવાનના રથના પૈડાને પકડીને ઊભી રહી છે, કોઈ એમને ના જવા માટે વિનવી રહી છે. કોઈ એમના માર્ગની વચ્ચે ઊભી રહી છે, તો કોઈ આળોટી કે આક્રંદ કરી રહી છે પ્રેમના એ અનેકવિધ પ્રદર્શન વચ્ચે ભગવાન શ્રીકૃષ્ણ તટસ્થરૂપે

શાંતિપૂર્વક ઊભા રહ્યા છે, કેટલું સુંદર દૃશ્ય છે ? અને છતાં પણ કેટલું બધું કરુણ ?

સ્વામી વિવેકાનંદ કૃષ્ણ ને ગોપીઓના એવા પવિત્રતમ પ્રખર પ્રેમનું વર્ણન કરી રહ્યા હતા, અને એ પ્રેમને ચિત્રિત કરતા કેટલાક પૌરાણિક પ્રસંગો વર્ણવી રહ્યા હતા, ત્યારે શ્રોતાજનોમાંના કેટલાકે પ્રશ્ન કર્યો કે સ્વામીજી. આવો ઉત્કટ પ્રેમ શું માનવહૃદયમાં પ્રકટ થઈ શકે ખરો ? આ તો શાસ્ત્રોની વાતો છે એટલે સાંભળવી ઘણી સારી લાગે છે. પરંતુ એમની વાસ્તવિકતામાં સંદેહ થાય છે.

સ્વામીજી તે દિવસે તો એ વિષય પર ખાસ કાંઈ બોલ્યા નહિ.

એમણે માત્ર એટલું જ કહ્યું કે ઉચિત અવસર આવશે ત્યારે મારી મેળે જ હું આ વિષય સમજાવીશ.

એ વાતને કેટલાક દિવસ વીતી ગયા પછી એક વખત સ્વામી વિવેકાનંદજી પોતાના નિત્યક્રમ પ્રમાણે પ્રવચન કરી રહ્યા હતા ત્યારે પ્રવચનને અધવચ્ચે જ પડતું મૂકીને એ હૉલની બહાર દોડી ગયા. પ્રવચનમાં બરાબર રંગ જામ્યો'તો તે જ વખતે વિવેકાનંદજી જતા રહ્યા એટલે શ્રોતાજનો વિહ્વળ બની ગયા, બેચેન બની ઊઠ્યા, અને નિરાશ થયા. વિવેકાનંદને દોડતા જોઈને તે પણ દોડવા લાગ્યા, ને વિવેકાનંદની પાસે આવીને હૉલની બહાર ઊભા રહ્યા.

વિવેકાનંદે પૂછ્યું : 'તમે મારી પાછળ પાછળ કેમ દોડી આવ્યા ?'

'તમારા પ્રેમ તથા જ્ઞાનથી પ્રેરાઈને અમે દોડી આવ્યા. તમારી પાછળ ખેંચાયા વિના અમે રહી શક્યા જ નહિ.'

શ્રોતાજનોએ જવાબ આપ્યો.

‘મારા પ્રેમમાં કે જ્ઞાનમાં એવું શું છે ?’

‘તે તો અમે જ જાણીએ છીએ. એ અનુભવવાની વસ્તુ છે. બોલી બતાવવાની નથી. વાણી એનું પૂરેપૂરું વર્ણન નહિ કરી શકે. તમે હૉલમાંથી વિષયને અધૂરો મૂકીને બહાર નીકળ્યા એટલે અમારાથી અંદર રહી શકાયું જ નહિ. અમે દોડી આવ્યા વિના રહી જ ના શક્યા.’

વિવેકાનંદે કહ્યું : ‘મારા પ્રેમ અને જ્ઞાનની અસર તમારા પર આટલી બધી ભારે થઈ છે પરંતુ એ પ્રેમ અને જ્ઞાન તો છેક સાધારણ છે. મારા કરતાં ભગવાન શ્રીકૃષ્ણનો પ્રેમ તથા જ્ઞાનભંડાર તો ખૂબ જ વધારે હતો તે તો જ્ઞાન તથા પ્રેમની મૂર્તિ હતા. આવા શ્રીકૃષ્ણનો વિરહ ગોપીઓ કેવી રીતે સહી શકે ? ગોપીઓ તો એમને સાચા દિલથી ભજતી હતી. માટે જ શ્રીકૃષ્ણને મથુરા જતા અટકાવવા માટે એમણે પોતાના પ્રેમનું વિવિધ પ્રકારે પ્રદર્શન કરવા માંડ્યું. એમાં ના સમજાય તેવું, અતિશયોક્તિભર્યું કે શંકાસ્પદ શું છે ?’

શ્રોતાજનો શાંત ચિત્તે સાંભળી રહ્યા.

એમના મનનું સમાધાન થયું.

વિવેકાનંદે ઉપસંહાર કરતાં કહ્યું. ‘તે દિવસે ગોપીપ્રેમ વિશેના મારા પ્રવચન દરમિયાન તમે જે શંકા કરેલી તેનો મેં આજે ઉત્તર આપ્યો. તમારી શંકા ટળી ગઈ. જાણીને મને આનંદ થાય છે.’

શંકાસમાધાનની કેટલી બધી શાંત, સરસ છતાં સચોટ પદ્ધતિ !

**—પૂ. શ્રીયોગેશ્વરજી**

## ॥ માતાપિતાની સેવા વિના બધું વ્યર્થ છે ॥

કેટલાંય વન, ગામડાં તથા નગરમાંથી પસાર થતો તપસ્વી કૌશિક છેવટે લાંબા વખતના પ્રવાસ પછી, મિથિલા નગરમાં આવી પહોંચ્યો.

મિથિલા નગરીમાં રાજા જનકનું રાજ્ય હતું.

એ નગરી અતિશય સુંદર હતી. એમાં ધર્મપરાયણ મનુષ્યો વાસ કરતા ને ઠેરઠેર ધર્મસંબંધી મોટા મોટા મંગલ ઉત્સવો થતા.

ધર્મવ્યાધની માહિતી મેળવીને એ એમના સ્થાન પર પહોંચ્યો તો એને ભારે નવાઈ લાગી. અને પોતાની કલ્પના કરતા જુદું જ ચિત્ર જોવા મળ્યું.

એ નક્કી ન કરી શક્યો કે, ધર્મવ્યાધ આ જ હશે કે બીજા ? પેલી પતિવ્રતા સ્ત્રીએ આમની જ એક મહાપુરુષ તરીકે આટલી બધી પ્રશસ્તિ કરી હશે ?

એમનું બ્રાહ્મ સ્વરૂપ જરા ભ્રાંતિજનક હતું. છતાં પણ ધર્મવ્યાધ તો એ જ હતા. કસાઈ ખાનામાં બેસી એ માંસ વેચી રહ્યા હતા.

કૌશિક મનમાં ભાતભાતની ને જાત જાતની શંકાકુશંકા સાથે એક તરફ એકાંતમાં બેસી ગયો.

એના આગમનનું પ્રયોજન જાણીને ધર્મવ્યાધે તરત જ એની પાસે આવીને વિનયપૂર્વક કહેવા માંડ્યું : ‘ભગવન ! હું તમારું સ્વાગત કરું છું. તમારા ચરણમાં મારા પ્રણામ છે. તમે જેની શોધમાં આટલે સુધી આવવાનું કષ્ટ કર્યું છે તે ધર્મવ્યાધ હું જ છું. તમારું મંગલ હો ! હું તમારી શી સેવા કરું તેને માટે મને આજ્ઞા આપો. તમે અહીં શા માટે આવ્યા છો તે હું જાણું છું. પેલી પતિવ્રતા, ધર્મપરાયણ સ્ત્રીએ જ તમને અહીં મોકલ્યા છે તેની પણ મને ખબર છે.’

ધર્મવ્યાધનાં વચન સાંભળીને બ્રાહ્મણ કૌશિક ભારે વિસ્મયમાં પડ્યો. એને થયું કે આ એની બીજી નવાઈની વાત કહેવાય. ધર્મવ્યાધ પણ પેલી સ્ત્રીની જેમ જ દૈવી દૃષ્ટિથી સંપન્ન છે એ વાતની આ પ્રસંગ પરથી પ્રતીતિ થાય છે. એમનો પરિચય કરાવવા બદલ પોતે ઈશ્વરનો ઉપકાર માન્યો ને પોતાની જાતને બડભાગી માની.

ધર્મવ્યાધે કૌશિકનો પોતાને ઘેર લઈ જઈને સમુચિત સત્કાર કર્યો. એનાં ચરણ ધોયા અને એને ઉત્તમ આસન આપ્યું.

આસન પર બિરાજમાન થઈને પોતાના મનની શંકાને રજૂ કરતાં કૌશિકે કહ્યું કે માંસ વેચવાનું ઘોર કર્મ તમારે ન કરવું જોઈએ. એ કામ જોઈને મને ભારે દુઃખ થઈ રહ્યું છે. ત્યારે ધર્મવ્યાધએ એનું સ્પષ્ટીકરણ કરતાં કહેવા માંડ્યું કે આ કામ મેં મારી મરજીથી શરૂ નથી કર્યું. હું પોતે ધર્મથી વિરુદ્ધનું કોઈ કામ નથી કરતો. પરંતુ આ ધંધો મારા કુટુંબમાં મારા બાપદાદાના વખતથી ચાલ્યો આવે છે. આ કામ કરવા છતાંપણ હું મારા વૃદ્ધ માતાપિતાની સેવા કરું છું. સાચુ બોલું છું, મારા ગજા પ્રમાણે દાન આપું છું, કોઈની નિંદા નથી કરતો, તથા દેવતા, અતિથિ અને સેવકોને જમાડીને જે કાંઈ બચે છે તેનાથી મારું જીવન ચલાવું છું જનક રાજાના આખા રાજ્યમાં કોઈ ધર્મથી વિરુદ્ધ આચરણ નથી કરતો. બધા પોતપોતાના ધર્મનું પાલન કર્યા કરે છે. ધર્મથી વિરુદ્ધ ચાલનાર જો પોતાનો પુત્ર હોય તો તેને પણ રાજા જનક કઠોર દંડ દે છે, એટલે અધર્મના આચરણ માટે અહીં અવકાશ જ નથી રહેતો. હું પોતે કોઈ જીવની હિંસા નથી કરતો. બીજાએ મારેલા પ્રાણીઓનું માંસ વેચું છું, પરંતુ હું પોતે કદી પણ માંસ નથી ખાતો. સ્ત્રીસંસર્ગ પણ ઋતુકાળ દરમ્યાન જ કરું છું. દિવસે ઉપવાસ કરું છું તથા રાત્રે ભોજન. કોઈ મારી

પ્રશંસા કરે છે, કોઈ નિંદા કરે છે, પરંતુ હું તો સૌની સાથે સારો વ્યવહાર કરીને સૌને પ્રસન્ન રાખું છું, ધર્મમાં દૃઢતા રાખવી, દ્વંદ્વોને સહન કરવા અને સૌ કોઈનું તેમની યોગ્યતાનુસાર સન્માન કરવું, એ મનુષ્યોચિત ગુણો ત્યાગના વિના નથી આવી શકતા.

કૌશિકને ધર્મવ્યાધનાં શાસ્ત્રસંમત ને વિવેકયુક્ત વચનો સાંભળીને ઘણો જ સંતોષ થયો. એ પછી કૌશિકે ધર્મવ્યાધને ધર્મ, તત્ત્વજ્ઞાન તથા લૌકિક વ્યવહાર વિષે કેટલાક પ્રશ્નો પૂછ્યા. મૃત્યુ પછીની જીવની ગતિ વિષે પણ પૂછી જોયું અને એના પરિણામરૂપે કૌશિકને જ્યારે સંપૂર્ણ સંતોષ થયો ત્યારે મને સિદ્ધિ, ને શાંતિ મળી છે તે મારાં માતાપિતા ઘરમાં છે. ચાલો, તેમનાં પણ દર્શન કરાવું.

કૌશિક બ્રાહ્મણે ધર્મવ્યાધની સાથે ઘરમાં પ્રવેશ કર્યો તો ચાર ખંડવાળું, તાજો ચૂનો લગાડેલું ઘર જોઈને તે મુગ્ધ બની ગયો. ઘરમાં દેવોની સુંદર મૂર્તિઓ પણ હતી. ધૂપ તથા કેસરની સુવાસ ફેલાઈ રહી હતી. એક સુંદર આસન પર શ્વેતવસ્ત્રધારી, ધર્મવ્યાધનાં માતાપિતા ભોજનથી નિવૃત્ત થઈને બેઠા હતાં. ચંદન તથા પુષ્પોથી એમની પૂજા કરવામાં આવી હતી.

ધર્મવ્યાધે તેમના ચરણ પર મસ્તક મૂકીને દંડવત્ પ્રણામ કર્યા. એમણે એને આશીર્વાદ આપ્યા.

તે પછી વ્યાધે પોતાના માતાપિતાને કૌશિકનો પરિચય કરાવ્યો. એમણે પણ કૌશિકનું સન્માન કર્યું, તથા કૌશિકના ખબરઅંતર પૂછ્યા.

ધર્મવ્યાધે કહ્યું : આ માતાપિતા જ મારા મુખ્ય દેવતા છે. એમને માટે હું બનતું બધું જ કરું છું. મારે માટે ચારવેદ તથા યજ્ઞ બધું મારાં માતાપિતા જ છે. સ્ત્રી તથા સંતાનો સાથે હું એમની સેવા કરું છું. એમની જ કૃપાથી મારું જીવન સુખી છે ને મારા પર ઈશ્વરની કૃપા છે. તમે વેદોનો સ્વાધ્યાય કરવા માટે

તમારાં માતાપિતાની આજ્ઞા વિના જ ઘરનો ત્યાગ કર્યો છે. તે ઘણું અનુચિત થયું છે. તમારા વિયોગથી તે વૃદ્ધ માબાપ આંધળા બની ગયા છે. માટે ઘેર જઈને તેમને પ્રસન્ન કરો તમે તપસ્વી, મહાત્મા ને ધર્માનુરાગી છો, છતાં માતાપિતાની સેવા વિના બધું વ્યર્થ છે. માતાપિતાની સેવા જેવો કોઈ મોટો ધર્મ નથી. એ વાતમાં વિશ્વાસ રાખો.

કૌશિકની આંખ ઉઘડી ગઈ. એણે કહ્યું : 'મારું સૌભાગ્ય છે કે હું અહીં આવ્યો ને મને તમારો સત્સંગ સાંપડ્યો. તમારા જેવા ધર્મપરાયણ પુરુષો સંસારમાં સાચે જ વિરલ છે. તમે મારો ઉદ્ધાર કર્યો છે. હવે હું તમારી સૂચના પ્રમાણે મારાં માતાપિતાની સેવા જરૂર કરીશ. અત્યાર સુધી હું મારા સાચા કર્તવ્યધર્મથી ભ્રષ્ટ થયો હતો.'

કૌશિકે ધર્મવ્યાધની પ્રદક્ષિણા કરી અને ત્યાંથી પ્રસ્થાન કર્યું.

ઘેર જઈને એણે પોતાના વૃદ્ધ માતાપિતાની સેવા કરી.

માતાપિતા એથી પ્રસન્ન થયાં ને કૌશિકને શાંતિ મળી.

મહાભારતમાં માર્કંડેય મુનિએ યુધિષ્ઠિરને કહેલા આ આખ્યાનનો સાર એટલો જ છે કે તપ, ત્યાગ, ભક્તિ યોગ કે લોકસેવાના નામે માણસે પોતાના સ્વભાવિક રીતે પ્રાપ્ત થયેલા કર્તવ્યથી વિમુખ નથી થવાનું. સિદ્ધિ જરૂરી કર્મના કે ફરજોના ત્યાગમાં નથી સમાઈ, પરંતુ એમના અનુષ્ઠાનમાં સમાયેલી છે. આપણી ધર્માનુરાગી પ્રજા આ વાતને યાદ રાખશે ખરી ? એ વાતને યાદ રાખવાથી માણસને પોતાને તો લાભ થશે જ, પરંતુ બીજાને પણ મદદ મળશે. આપણાં ઘર, કુટુંબ તથા સમાજજીવનને ધર્મ કે ત્યાગને નામે કથળતું બચાવી શકાશે. કૌશિક જેવા સ્ત્રીપુરુષો આ વાતને ખાસ યાદ રાખે.

—પૂ.શ્રીયોગેશ્વરજી

# ॥ દેશને સેવાવીરોની જરૂર છે ॥

સંત વિનોબાના જીવનનો એક પ્રસંગ છે.

એ પ્રસંગ બિહારમાં આવેલા વૈદ્યનાથ ધામમાં બનેલો.

વૈદ્યનાથ ધામ ભારતનું સુપ્રસિદ્ધ તીર્થધામ છે. વિનોબાના જીવનમાં બનેલી ઘટનાને લીધે એ વધારે મહત્ત્વનું બની ગયું.

વિનોબા ભૂદાનપ્રવૃત્તિના ઉપલક્ષમાં ફરતા ફરતા જ્યારે વૈદ્યનાથ પહોંચ્યા ત્યારે ત્યાંના લોકોએ એમનું સ્વાગત કર્યું.

વૈદ્યનાથ મંદિરના મહંતે એમને આમંત્રણ આપ્યું એથી તો વિનોબાને ઘણો જ આનંદ થયો. એમણે એ આમંત્રણનો સ્વીકાર કરતાં કહ્યું કે જો મંદિરમાં હરિજનોને પ્રવેશ કરવાની છૂટ અપાય તો પોતે મંદિરમાં જરૂર આવે. ઈશ્વરના દરબારમાં જાતિનો ભેદભાવ ન હોવો જોઈએ. ઈશ્વરના મંદિરનાં દ્વાર સૌને માટે ખુલ્લાં રહેવાં જોઈએ ઈશ્વરના દર્શનનો અધિકાર સૌને છે.

મંદિરના મહંત વિનોબાના વિચારો સાથે સંમત થયા.

બીજે દિવસે હરિજનોને સાથે લઈને વિનોબા મંદિરમાં દર્શન માટે ઉપડ્યા.

એ વખતે સાયંકાળ હતો.

હરિજનોની સાથે આવી પહોંચેલા વિનોબાનો મહંતે સત્કાર કર્યો.

વિનોબા સંતોષ પામ્યા. બીજા દર્શનાર્થીઓ પણ સંતોષ પામ્યા. પરંતુ એ સંતોષ અસ્થાયી નિવડ્યો.

કારણ ?

કારણ એ જ કે હરિજનોની સાથે વિનોબા મંદિરનાં ગણ્યાં ગાંઠ્યાં પગથિયાં ચઢ્યા ત્યાં તો પંડાઓ ને બીજા લોકો એમની મંડળી પર લાઠી સાથે તૂટી પડ્યા. પછી તો એની સાથે ગાળોનો વરસાદ વરસાવવા માંડ્યો, અને ‘ધર્મકી જય હો, અધર્મકા નાશ હો’ જેવો સૂત્રોચ્ચાર પણ થવા લાગ્યો.

બધે શોરબકોર મચી રહ્યો.

મંડળીના સભ્યોએ વિનોબાજીને ઘેરી લીધા છતાં પણ એમને

થોડીઘણી ઈજા તો થઈ જ. સભ્યો પણ ઘાયલ થયા. હિંસાએ માઝા મૂકી.

મંદિરમાં દર્શન માટે પ્રવેશવાનો વિચાર પડતો મૂકીને, 'હે પ્રભુ ! તમારા આ પ્રસાદનો હું સહર્ષ સ્વીકાર કરું છું' એમ કહીને વિનોબાજી ત્યાંથી જ પાછા ફર્યા.

બીજે દિવસે હુમલાખોરોને સજા કરાવવાની માગણી કરવામાં આવી ત્યારે એમણે કહ્યું કે હુમલાખોર જો સાચી વાત સમજતા હોત તો આવું કરત જ નહિ. એ અજ્ઞાની હતા. માટે એમને ક્ષમા કરવા જોઈએ, હુમલો કરવામાં આવ્યો ત્યારે પણ મારા સાથીદારો શાંત રહ્યા એ જોઈને મને પ્રસન્નતા થઈ છે. ઈશ્વરની એટલી કૃપા છે.

વિનોબા વિના આવા શબ્દો બીજું કોણ કહી શકે ? આ શબ્દો એમના મહાન આત્માની પ્રતીતિ કરાવે છે. બીજા કોઈ સામાન્ય માણસે આટલી સહનશક્તિ ભાગ્યે જ બતાવી હોત, આટલી શાંતિ પણ ભાગ્યે જ રાખી હોત, અને અપમાન તથા પ્રહારને ઈશ્વરના પ્રસાદરૂપે સ્વીકારવાની મનોવૃત્તિ પણ ભાગ્યે જ દાખવી હોત. વિનોબાની એ વિશેષતા હતી.

એક બીજી વાતનો ઉલ્લેખ પણ કરવા જેવો છે. સેવાના ક્ષેત્રમાં કેટકેટલી મુસીબતોનો સામનો કરવો પડે છે, એ વાતનો નિર્દેશ પણ આ પ્રસંગ પરથી સહેજે મળી રહે છે. સેવાધર્મ જેટલો ધારવામાં આવે છે તેટલો સહેલો નથી. એ તો પરમ ગહન કે રહસ્યમય છે, અને યોગીઓને માટે પણ મુશ્કેલ છે. એમાં દરેક વખતે સન્માન જ મળે છે એવું નથી. એમાં જો ગુલાબ છે તો કાંટા પણ છે, કમળ છે તો કાદવ પણ છે. ભયસ્થાનો તથા જુદીજુદી જાતનાં પ્રલોભનો પણ છે. એમાં સદા સાવધાન ને જાગ્રત રહેવું પડે છે, ને ભળતી ભાવનાના શિકાર ન થવાય એ માટે નિરંતર આત્મનિરીક્ષણ કરવું રહે છે. માન અપમાન, નિંદા, સ્તુતિ, લાભહાનિ, અને અંગત પ્રાપ્તિ-અપ્રાપ્તિ કે સ્વાર્થની ગણતરીને છોડી દઈને, એને ગૌણ ગણીને, એની વચ્ચેથી પણ જે તટસ્થતાપૂર્વક આગળ વધે છે તે જ સેવાધર્મનો સાચો ને સફળ વ્રતધારી બની શકે છે. દેશમાં એવા સાચા સેવાવીરોની જરૂર છે. દેશ ત્યારે જ બેઠો થઈ શકશે.

**—પૂ.શ્રીયોગેશ્વરજી**

# ।। સળગતાં લાકડાંએ ઉપદેશ આપ્યો ।।

શીખ ધર્મના મહાન સંસ્થાપક ગુરુ નાનકદેવ એક મહાન પ્રતિભાશાળી પુરુષ હતા, એમણે એમના જીવનકાળ દરમિયાન કેટલાયના જીવનમાં ક્રાંતિ કરી, પ્રકાશ અને પ્રેરણાની નવી સામગ્રી ભરી, એટલું જ નહિ, કેટલાય અસાધારણ સંસ્કારવાળા આત્માઓને પોતાના તરફ આકર્ષ્યા પણ ખરા.

કરતારપુરમાં નાનકદેવનાં સુધામય વચનો સાંભળવા માટે શીખો સારી સંખ્યામાં ભેગા થતાં. એમાં એક સાત વરસનો છોકરો પણ લગભગ રોજ આવતો. નાનકનો સદુપદેશ એ ધ્યાનપૂર્વક સાંભળતો.

નાનકદેવે એક દિવસ એને નિયમિત રીતે સત્સંગમાં આવવાનું કારણ પૂછ્યું તો એણે ખુલાસો કરતાં કહેવા માંડ્યું કે મારી માતાએ એક દિવસ મને ચૂલો સળગાવવાની આજ્ઞા કરી. તે પ્રમાણે મેં ચૂલો સળગાવ્યો તો ખરો, પરંતુ તે વખતે ઝીણવટથી જોયું તો ખબર પડી કે નાની લાકડીઓ જલદી સળગવા લાગી. એ જોઈને મને વિચાર આવ્યો કે હું પણ નાનો છું એટલે કાળરૂપી અગ્નિ મને પણ વહેલી તકે સળગાવી દેશે. મારે પણ વહેલું મરવું પડશે એટલે મરણ પહેલાંની જરૂરી તૈયારી માટે અત્યારથી જ તમારી પાસે આવતો રહું છું.

નાનકદેવ એના શબ્દો સાંભળીને પ્રસન્ન થયા, ને બોલ્યા કે તારી સમજશક્તિ તો વૃદ્ધોને પણ શરમાવે તેવી છે. તારા શબ્દો સાંભળીને મને બહુ આનંદ થાય છે. તારું નામ હવેથી ભાઈ બુધો રહેશે.

મોટો થતાં ભાઈ બુધો શીખ ધર્મના ઈતિહાસમાં અમર બની ગયો. એણે પોતાનું જીવન બીજાની સેવા માટે ખરચી નાખ્યું.

સળગતાં લાકડાંને તો સૌ કોઈ જુએ છે પરંતુ એના પરથી આવી જાતની જીવનોપયોગી શિક્ષા કેટલાક ગ્રહણ કરે છે ?

**પૂ.શ્રીયોગેશ્વરજી**

# ॥ જનાર્દન સ્વામીનો અનુગ્રહ ॥

ઈશ્વરના પૂર્ણ કૃપાપાત્ર સંતપુરુષની સહાયતાથી બીજા કોઈને ઈશ્વરનું દર્શન થઈ શકે ખરું ?

જરૂર થઈ શકે.

ઈશ્વરની પરિપૂર્ણ કૃપાપ્રસાદની પ્રાપ્તિ કરી ચકેલા, કોઈ વિરલ સમર્થ સંતપુરુષ પોતાની કૃપાથી બીજાને પણ ઈશ્વરદર્શન કરાવી શકે છે, એ વાત ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં સુપ્રસિદ્ધ છે. ભારતનો છેલ્લા શતકના સમય જેટલો જ આધ્યાત્મિક ઈતિહાસ જોઈએ તો પણ, એ વાતની પ્રતીતિ થયા વિના નથી રહેતી, એ ઈતિહાસમાં એક એવા જ ઉજ્જવળ ઉદાહરણનો પરિચય થાય છે.

એ ઉદાહરણ છે મહાપુરુષ શ્રી રામકૃષ્ણ પરમહંસદેવનું.

શ્રીરામકૃષ્ણ પરમહંસદેવે પોતાના વિશેષ અનુગ્રહથી સ્વામી વિવેકાનંદને જગદંબાનું સાક્ષાત દર્શન કરાવ્યું હતું. એટલું જ નહિ પરંતુ જગદંબાની સાથે વાર્તાલાપ કરવાનો લાભ પણ આપ્યો હતો. એ હકીકતનો સ્વામી વિવેકાનંદ જેવા પ્રખર બૌદ્ધિક પ્રતિભાવાળા પુરુષે પોતાના શ્રીમુખે સ્વીકાર કર્યો છે. કલકત્તામાં દક્ષિણેશ્વરનાં ગંગા તટપરના સુંદર સ્થાનમાં બનેલો એ પ્રસંગ ભારતના ભૂતકાલીન આધ્યાત્મિક ઈતિહાસનો એક મહામૂલ્યવાન, ગૌરવપ્રદ, અમર અને પ્રેરણાદાયક પ્રસંગ છે.

એવા અસાધારણ, પ્રાણવાન પ્રસંગો ઈતિહાસના પાના પર બહુ ઓછા નોંધાયા છે એ સાચું છે, અને એમાં કાંઈ વિસ્મય પામવા જેવું પણ નથી, કારણ કે એક તો સાચી આધ્યાત્મિક

વૃત્તિથી વિભૂષિત માનવો જ ઓછા મળે છે. તેમાં વળી એ વૃત્તિને સુરક્ષિત રાખીને ને સુદ્રઢ કરીને આગળ વધનારા માનવો તો એથી પણ ઓછા મળે છે. એવા અલ્પસંખ્યક મનુષ્યોમાં પણ ઈશ્વરદર્શનનો આનંદ મેળવનારા ક્વચિત્ જ હોય છે. અને ઈશ્વરદર્શી મહાપુરુષોમાં પણ બીજાને ઈશ્વરનું દર્શન કરાવી શકે એવા પુરુષવિશેષ કોઈક વિરલ જ હોય છે. તે મળે અથવા મળે તો પણ પરિસ્થિતિ એવી હોવાથી, એવા મહાપુરુષોએ કોઈ બીજાને દર્શન કરાવ્યાના પ્રસંગો પણ કોઈક જ.

પોતાને માટે ઈશ્વરદર્શન કરવાનું જ જ્યાં મુશ્કેલ હોય, ત્યાં બીજાને ઈશ્વરદર્શનનો લાભ આપવાનું તો સહેલું ક્યાંથી જ હોય ?

એવો જ એક બીજો પ્રસંગ ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાયેલો છે. તે પ્રસંગ મહારાષ્ટ્રના મહાન સંત એકનાથ અને એમના મહાસમર્થ ગુરુદેવ શ્રીજનાર્દન સ્વામીનો છે.

જનાર્દન સ્વામીએ પણ પોતાની વિશેષ કૃપાથી એકનાથજીને ઈશ્વરદર્શનનો આનંદ આપ્યો હતો.

એ પ્રસંગ પણ ભારે કીમતી ને પ્રેરણાસ્પદ હોવાથી વિચારવા જેવો છે.

એકનાથજીના જીવનચરિત્ર દ્વારા જાણવા મળે છે કે એકનાથજીએ છ છ વરસના લાંબા વખતલગી એમના ગુરુ જનાર્દન સ્વામીની તનમનથી દિનરાત સેવા કરી. સેવાને જ પરમ સાધન સમજનારા એકનાથે સેવા કરતાં પાછું વાળીને ના જોયું.

એવી સતત નિષ્ઠાપૂર્વકની સેવાથી જનાર્દન સ્વામી છેવટે પ્રસન્ન થયા, અને એકનાથને કહેવા માંડ્યા 'એકનાથ ! તેં મારી તનમનથી મુક સેવા કરી છે. તારી સેવાથી હું પ્રસન્ન થયો છું. મારા ઈષ્ટદેવનું દર્શન કરાવું.'

ગુરુના શબ્દો સાંભળીને એકનાથના આનંદનો પાર ન રહ્યો.

કાંઈ પણ બોલ્યા વિના ભાવવિભોર બનીને એ શાંતિથી ઊભા રહ્યા.

ત્યાં તો ગુરુએ ફરી કહ્યું : 'કાલે સાંજે મારા નિત્યનિયમ પ્રમાણે હું મારી ઉપાસનાના ઓરડામાં બેસું ત્યારે તું ત્યાં આવી પહોંચજે હું તને ભગવાન દત્તનું દર્શન કરાવીશ.'

એકાએક થયેલી એ ગુરુકૃપાથી એકનાથનું અંતર ઉછાળા મારી રહ્યું.

બીજે દિવસે સાંજના સમયે એકનાથ પોતાના ગુરુ જનાર્દન સ્વામીની પાસે પહોંચ્યા તો એમણે શું જોયું ?

પોતાના ગુરુ શાંતિપૂર્વક ઉપાસનામાં મગ્ન બનીને બેઠા હતા, ત્યાં થોડા જ વખતમાં દત્તાત્રેય ભગવાન એમની આગળ પ્રગટ થયા.

દત્તાત્રેય ભગવાનના દર્શનથી એકનાથને અનેરો આનંદ મળ્યો.

એમની સાથે એક ગાય પણ હતી.

પોતાના હાથમાંનું કમંડલ એમણે ગાયની નજીક મૂક્યું તો તે દૂધથી આપોઆપ ભરાઈ ગયું.

દત્તાત્રેય ભગવાને એ દૂધનું પાન કર્યું. અને પ્રસાદતરીકે બીજું દૂધ જનાર્દન સ્વામીને આપ્યું.

પછી શેષ રહેલા દૂધનો આસ્વાદ લેવા માટે એકનાથને પણ પોતાની પાસે બોલાવ્યા.

એકનાથે એ અમૃતમય દૂધનો પ્રસાદ લીધો. એથી એમને પરમ શાંતિ મળી.

દત્તાત્રેય ભગવાને એમના મસ્તક પર હાથ મૂક્યો તો એમને દિવ્યદર્શનની પ્રાપ્તિ થઈ.

એમને દત્તાત્રેય ભગવાન, જનાર્દન સ્વામી અને પોતાની અંદર જે ભેદભાવ દેખાતો હતો તે ભેદભાવ દૂર થયો, ને ત્રણેમાં એક જ સ્વરૂપનું દર્શન થયું. ત્રણે જાણે અંદરથી તથા બહારથી એક જ હતા. કેટલું ધન્ય હતું એ દર્શન !

દત્ત ભગવાને એકનાથને અનેરો આશીર્વાદ આપ્યો.

અને એ પછી એ સસ્મિત ત્યાંને ત્યાં જ અદૃશ્ય થઈ ગયા.

એકનાથના જીવનમાં એક અવનવા પ્રેરણાપ્રકરણનો પ્રારંભ થયો. એમને અલૌકિક શાંતિ તો મળી જ, પરંતુ એમની આખી દૃષ્ટિ જ ફરી ગઈ. જે ગુરુના પ્રતાપથી આવો અલૌકિક અનુભવ શક્ય બન્યો હતો તે સદ્‌ગુરુના અમુલખ અનુગ્રહને એ કેવી રીતે ભૂલી શકે ? તુલસીદાસના શબ્દોમાં કહીએ તો એ ગુરુ એમને માટે કોઈ સામાન્ય કે અસામાન્ય માનવ નહોતા રહ્યા, 'કિન્તુ કૃપાસિંધુ નરરૂપ હરિ' થઈ ચૂક્યા હતા. એ ગુરુને એમણે કૃતજ્ઞતાના ભાવથી ભરાઈને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

ગુરુ જનાર્દન સ્વામીએ એમને પ્રસન્નતાપૂર્વક આલિંગન આપ્યું ત્યારે એમના જેવો કૃતાર્થ ને સુખી આત્મા સંસારમાં બીજો કોઈ ન હતો.

—પૂ.શ્રીયોગેશ્વરજી

# ॥ બુરાઈનો બદલો ॥

દયાનંદ સરસ્વતીના બોલાવવાથી એમનો રસોઈયો એમની આગળ આવી ઊભો રહ્યો.

એના દિલમાં આશંકા અને આકુલતા હતી. પહેલાં જેવી પ્રસન્નતા ન હતી.

બોલ ભાઈ ! તેં મને ઝેર આપ્યું છે ને ? આજે પાછું ઝેર આપ્યું છે ને ?

રસોઈયો ધ્રૂજવા લાગ્યો. અને થયું કે સ્વામીજી બધું જાણી ગયા અને હવે આવી બન્યું.

ત્યાં તો મહર્ષિ દયાનંદ ફરી બોલ્યા.

તેં મને કોના કહેવાથી ઝેર આપ્યું ? પેલી વેશ્યાના કહેવાથીને ?

રસોઈયાએ સંમતિસૂચક માથું હલાવ્યું.

'શું આપવાનું કહેલું ?'

'સો રૂપિયા.'

એટલી નાનકડી રકમને માટે તેં કેટલો મોટો અપરાધ કર્યો તે તું જાણે છે ? ઘણો ભયંકર અપરાધ તેં ભારતીય સંસ્કૃતિની, સમસ્ત દેશની, તથા માનવતાની ભારે કુસેવા કરી. હજુ હું જીવતો રહેત તો લોકોને ઘણો લાભ થાત. પરંતુ હવે મારું આયુષ્ય પૂરું થયું લાગે છે. મારો જીવનદીપ ઓલવાવાની હવે તૈયારી છે. તું તેમાં નિમિત્ત બની ગયો. આ વખત હું નહિ બચી શકું એવું મને સ્પષ્ટ દેખાય છે. તારે હાથે ભારે અમંગલ કામ થઈ ગયું.

રસોઈયો શરમ તથા દુઃખનો માર્યો નીચે જોઈ રહ્યો.

એને પશ્ચાત્તાપ થયો.

પોતે આ શું કર્યું ?

એકવાર તો પેલી વેશ્યાના કહેવાથી પોતે સ્વામીજીને ભોજનમાં ઝેર આપ્યું હતું. તે વખતે દૈવયોગથી સ્વામીજી બચી ગયા'તા. એ પછી એવું હલકટ કામ કરવા બદલ પોતાના દિલમાં ડંખ પણ થયેલો, અને એ બધું ભૂલી જઈને આવું અધમ કામ પાછું કેવી રીતે કરી શકાયું ? હવે શું થશે ? કેવું કરુણ પરિણામ આવશે ?

એના મનમાં વિચારોનાં મોજાં પેદા થવા લાગ્યાં.

એટલામાં તો સ્વામીજી બોલ્યા : 'ભાઈ ! આ વખત હવે વિચાર કરીને બેસી રહેવાનો નથી. મારું તો જે થવાનું હતું તે થઈ ગયું. તેનો તો કોઈ ઉપાય નથી. પણ હવે તું તારું સંભાળી લે. તારા જીવનને બચાવી લે. સવાર પડતાં, મારા શરીરનો અંત આવ્યાના સમાચાર મળતાં, મારા ભક્તો તથા પ્રશંસકો અહીં ભેગા થશે, અને તને જીવતો નહિ છોડે. એટલા માટે લે આ ચાવી, પેલી પેટીને ઉઘાડીને એમાં જે રકમ છે તે લઈ લે. તેમજ તારાથી જેટલે પણ દૂર જઈ શકાય એટલે દૂર તું અત્યારે ને અત્યારે જ ચાલ્યો જા. વિલંબ ના કર.'

એટલું કહીને એમણે રસોઈયા તરફ પેટીની ચાવી ફેંકી.

રસોઈયાની આંખમાંથી આંસુનો વરસાદ વરસવા લાગ્યો.

એને થયું કે વરસો સુધી સાથે રહ્યો તો પણ, પોતે આવા મહાન સંતશિરોમણિને ઓળખી ના શક્યો. પોતે કેટલો મોટો

અપરાધ કરી બેઠો છે. છતાંપણ આ મહાપુરુષ તેને કેટલી બધી શાંતિપૂર્વક ક્ષમા આપી રહ્યા છે ! એટલું જ નહિ પણ એને કોઈ જાતની હાનિ ના પહોંચે એ માટેની કોશિશ પણ કરી રહ્યા છે ! કેટલી બધી મહાનતા, ઉદારતા ને ઉદાત્તતા !

પરંતુ આ વખત વિચાર કરવાનો નથી એમ સમજીને રસોઈયાએ પેટી ખોલી. એમાંથી રકમ કાઢી, અને મહર્ષિ દયાનંદના ચરણમાં પ્રણિપાત કરીને ફરીવાર પશ્ચાત્તાપ કરતો ચાલી નીકળ્યો.

એ કયી બાજુ ગયો તે ઈશ્વર જાણે, પરંતુ એ કોઈને મળ્યો તો નહિ જ.

એ જ રાતે મહર્ષિ દયાનંદે પ્રણવનો ઉચ્ચાર કરતાં શરીરત્યાગ ત્યાગ કર્યો.

મહાપુરુષોના દિલમાં પોતાનું બૂરું કરનારને માટે પણ ભલાઈની કેવી ભાવના હોય છે તેનો આ પ્રસંગમાં સુંદર પડઘો પડે છે, ઈશુ તથા સોક્રેટિસ અને ગાંધીજીએ પોતાને નુકશાન પહોંચાડનારને માટે પણ જેવી રીતે પ્રેમ ને ક્ષમાનો પવિત્ર ભાવ ધારણ કર્યો તેવી રીતે મહર્ષિ દયાનંદે પણ રસોઈયાનું સારું જ ચાહ્યું. સારું ચાહ્યું એટલું જ નહિ પણ સારું કર્યું ખરું. વેર વેરથી નથી શમતું પરંતુ પ્રેમથી શમે છે, અને બુરાઈ બુરાઈથી નથી મટતી પરંતુ ભલાઈથી મટે છે એ સંદેશ સનાતન છે. એ સંદેશને એ માનવજાતિના મંગલને માટે મૂકી ગયા છે. માનવજાતિ એ સંદેશ પ્રમાણે ચાલે એટલી જ વાર છે.

**–પૂ.શ્રીયોગેશ્વરજી**

# ॥ જ્ઞાનીની શાંતિ ॥

મૃગની યોનિ પૂરી થયા પછી ભરતજીને મનુષ્યયોનિની પ્રાપ્તિ થઈ અને એમનો જડભરત તરીકેનો વ્યવહાર શરૂ થયો. એ બ્રાહ્મણકુળમાં જન્મ્યા અને પૂર્વજન્મોની સ્મૃતિ ચાલુ રહેવાથી જડની જેમ જીવવા લાગ્યા. સંસારમાં ફરીવાર આસક્તિ ના થાય તેનું ધ્યાન રાખતા, તે આત્મવિચારમાં હંમેશ મગ્ન રહેતા હતા.

એક વખતની વાત છે.

સિંધુ તથા સૌવીર દેશનો રાજા રહૂગણ તત્ત્વને જાણવાની ઈચ્છાથી પ્રેરાઈને મહર્ષિ કપિલના આશ્રમ તરફ જવા નીકળ્યો. રસ્તામાં ઈક્ષુમતી નદીને કિનારે તેની પાલખી ઉપાડનારા એક સુદઢ માણસની જરૂર પડી. અધિકારીઓને જડભરતને હૃષ્ટપુષ્ટ, યુવાન ને મજબૂત અંગવાળા જોઈને, તેમને પાલખી ઉપાડવા યોગ્ય માનીને પકડી આણ્યા. જડભરત જો કે પાલખી ઉપાડવાનું જાણતા નહિ છતાં પણ પાલખી ઉપાડીને આગળ વધ્યા.

જડભરતની ચાલ બીજા બધા પાલખી ઉપાડનારાથી જુદી પડતી તેથી પાલખી વાંકીચૂંકી થઈ જતી.

એ જોઈને રાજા રહૂગણને રોષ ચઢ્યો.

એણે જડભરતની મશ્કરી કરતાં કહેવા માંડ્યું : ‘‘મને લાગે છે કે તું થાકી ગયો છે. કેમકે તેં એકલે હાથે જ પાલખી ઉપાડી છે. તારું શરીર નબળું છે, વૃદ્ધાવસ્થા તને ઘેરી વળી છે, તથા તારા સોબતીઓ પણ તારા જેવા તો નથી જ.’’

રાજાએ એવી રીતે મશ્કરી કરી તો પણ જડભરત તો શાંત જ રહ્યા.

પરંતુ પાલખી ફરી ઊંચીનીચી ને વાંકીચૂંકી થવા લાગી એટલે રાજા અતિશય કોપાયમાન બનીને બોલી ઊઠ્યો : ‘અરે, તું શું કરે છે ? જીવતાં જ મરેલો છે કે શું ? મારો અનાદર કરીને મારી આજ્ઞા નથી માનતો ? યમદેવ સર્વે મનુષ્યોને શિક્ષા કરે છે તેમ હું પણ તને પ્રમાદીને શિક્ષા કરીશ ત્યારે જ તું સીધો થઈશ.’

રાજા રહૂગણનાં એવાં અનેકવિધ અસંબદ્ધ વચનો સાંભળીને જડભરતજીએ છેવટે મુખ ઉઘાડ્યું ને કહેવા માંડ્યું : ‘રાજા ! તેં જે કહ્યું તે સાચું છે, તેં મારી મશ્કરી કરી છે એમ હું નથી માનતો. ભાર નામે કોઈ પદાર્થ હોય, તેને ઉપાડનારા શરીર સાથે તેને કોઈ સંબંધ હોય, અને એ શરીર સાથે મને સંબંધ હોય, તો તેં જે કહ્યું છે તે મારી મશ્કરીરૂપે કહ્યું છે એમ હું માની શકું પરંતુ ખરેખર તેવું નથી. વળી તું કહે છે કે હું પુષ્ટ નથી તે પણ બરાબર છે કેમકે જ્ઞાનીઓ આત્માને પુષ્ટ કહેતા નથી. જે અજ્ઞાની હોય છે એ જ એવું કહેતા હોય છે. પુષ્ટ તો શરીર છે. હું નથી. આત્મામાં સેવક તથા સ્વામી ભાવનો અભાવ છે. એટલે એને આજ્ઞા કરવાનું કે આજ્ઞાનુસાર ચાલવાનું કશું જ નથી રહેતું. સ્વામી અને સેવકના ભેદ વ્યવહાર પૂરતા જ મર્યાદિત છે. વાસ્તવિક રીતે જોઈએ તો એવા કોઈ ભેદની હયાતિ જ નથી. છતાંપણ તને જો રાજા તરીકેનું અભિમાન હોય તો તું આજ્ઞા કરી શકે છે. હું જડ કે ઉદ્ધત જેવો લાગું છું પરંતુ સ્વરૂપનો સાક્ષાત્કાર કરી ચૂક્યો છું. મને શિક્ષા કરવાથી કશો જ હેતુ નહિ સરે.’

એ પ્રમાણે બોલી જડભરતે ફરી પાલખી ઉપાડવા માંડી.

પરંતુ એમના શાસ્ત્રસંમત, જ્ઞાનયુક્ત વચનોએ રાજાની આંખ ઉઘાડી નાખી, એનો અહંકાર ઓગળી નાખ્યો, અને એનું હૃદય પરિવર્તન કરાવી દીધું. એને ખાતરી થઈ કે આ તો કોઈ અસામાન્ય પ્રજ્ઞાવાન, અનુભવસિદ્ધ મહાપુરુષ છે.

પાલખી પરથી નીચે ઊતરીને એ જડભરતનાં ચરણોમાં પડ્યો.

'મારા ઉદ્ધતાઈભર્યા વર્તનને માટે ક્ષમા માગું છું.' એણે કહ્યું : 'તમે આટલા બધા મહાન હશો તેની મને ખબર નહિ. તમે કોણ છો ?' તમે જનોઈ ધારણ કરો છો માટે બ્રાહ્મણ તો છો જ. તમે શું દત્તાત્રેય છો, કપિલ મુનિ છો, કે કોઈ સિદ્ધ છો ? હું મહર્ષિ કપિલની પાસે જ જીવનના શ્રેયનું સાધન જાણવા માટે જઈ રહ્યો છું. તમારા જેવા અનુભવી મહાપુરુષ મને માર્ગમાં જ મળી ગયા તેને મારું સદ્‌ભાગ્ય સમજું છું. મને જિજ્ઞાસુ જાણીને ઉપદેશ આપવાની વિનંતી કરું છું.

રાજાએ અજ્ઞાત અવસ્થામાં જડભરતની જે અવગણના કરી તેથી જડભરતજી ગુસ્સે ના થયા. કારણ કે એ સાચા જ્ઞાની હતા. સાચા જ્ઞાનિઓ બધી દશામાં આત્માની નિષ્ઠા જાળવી રાખીને શાંત કે સ્વસ્થ રહેતા હોય છે. બીજો બોધપાઠ આ પ્રસંગમાંથી એ લેવાનો છે કે કોઈને નીચ, અધમ કે હલકટ માનીને કોઈની કદી અવગણના ના કરવી. સૌની સાથે નમ્રતા ભરેલો, પ્રેમમય વ્યવહાર રાખવો.

જડભરતે એ પછી રહૂગણને ઉપદેશ આપ્યો.

**—પૂ.શ્રીયોગેશ્વરજી**

# ।। આત્માનું અન્વેષણ ।।

બૃહદારણ્યક ઉપનિષદમાં એક નાનકડી છતાં સુંદર ને બોધદાયક કથા છે.

કથા કોના જીવનને લગતી છે તે જાણો છો ?

યાજ્ઞવલ્કયના જીવનને લગતી.

યાજ્ઞવલ્કય એ જમાનાના સર્વોત્તમ જ્ઞાની પુરુષ હતા.

એમનું શાસ્ત્રજ્ઞાન ઘણી ઊંચી કોટિનું હતું.

ત્યાગી તથા વિરક્ત પુરુષો પણ એમની સુતીક્ષ્ણ, તર્કપટુ બુદ્ધિથી પ્રભાવિત થઈને એમનો આદર કરતા.

એ ગૃહસ્થાશ્રમી હતા, અને કાત્યાયની તથા મૈત્રેયી નામની બે સ્ત્રીઓ હતી.

વિશાળ શાસ્ત્રજ્ઞાન તથા તર્કપટુ બુદ્ધિ હોવા છતાં પણ એમને પોતાના જીવનમાં કાંઈક ઊણપ લાગી અને એ ઊણપને પૂરવા માટે એમણે વનમાં જઈને તપશ્ચર્યા કરવાની તૈયારી કરી.

પોતાનો વિચાર એમણે કાત્યાયની તથા મૈત્રેયીને કહી બતાવ્યો.

કાત્યાયનીમાં આધ્યાત્મિક સંસ્કાર ન હતા. એ મોટે ભાગે લૌકિક વ્યવસાયોમાં જ રત રહેતી. એટલે યાજ્ઞવલ્ક્યનો વિચાર સાંભળીને એ તો પ્રસન્ન થઈ પરંતુ મૈત્રેયી આત્માનુરાગી અથવા આધ્યાત્મિક સંસ્કારોથી સંપન્ન હતી. એથી તરત બોલી ઊઠી, ‘વનમાં તમે શા માટે જવા માગો છો ?’

"આત્માને ઓળખવા અને શાંતિ મેળવવા." યાજ્ઞવલ્ક્યે ઉત્તર આપ્યો : 'પરંતુ મારા ગૃહત્યાગ પછી તમે લડી મરો નહિ એટલા માટે મારું એકઠું કરેલું ધન હું તમારી વચ્ચે વહેંચી આપવા માગું છું.'

"ધનથી શાંતિ મળશે ?"

"ના ધનથી શાંતિ નહિ મળે."

"ત્યારે ધનની મદદથી બંધનોમાંથી મુક્તિ મળશે કે અમૃતપદની પ્રાપ્તિ થઈ શકશે ?"

"ના સમસ્ત સંસારનું ધન કે ઐશ્વર્ય મળે તો પણ મુક્તિ કે અમૃતપદની પ્રાપ્તિ ના થઈ શકે. ધનની શક્તિ મર્યાદિત છે. તેને મેળવીને ભોગપદાર્થોની પ્રાપ્તિ થાય ને સુખપૂર્વક જીવી શકાય પણ ખરું, પરંતુ ધનથી કોઈ મૃત્યુંજય ના બની શકે. આત્માને ઓળખી પણ ના શકે. સંપૂર્ણ સુખ ને સનાતન શાંતિની પ્રાપ્તિ પણ ના કરી શકે. ધન, વૈભવ અથવા તો અમરાપુરી જેવા ઐશ્વર્યથી જન્મમરણના રહસ્યને ઉકેલી તથા જીવનને કૃતાર્થ પણ ના કરી શકાય. એને માટે તો અંતર્મુખ થઈને લાંબા વખત લગી તપશ્ચર્યા કરવી જોઈએ અને એટલા માટે જ હું વનમાં જાઉં છું."

મૈત્રેયીનો સંસ્કારી આત્મા સળવળી ઉઠ્યો. યાજ્ઞવલ્ક્યના શબ્દો સાંભળીને એનું હૈયું હાલી ઊઠ્યું. એ પછી પોતાના હૃદયની લાગણીને વાચા આપતાં એણે જે કહ્યું તે આજે પણ અમર છે. એ કથન એકલી મૈત્રેયીનું નથી પરંતુ ભારતની સમસ્ત આધ્યાત્મિક સાધનાનું અથવા તો ભારતના આત્માનું છે. એમાં ભારતનો પ્રાણ ટપકે છે. ભારતના હૃદયની રજૂઆત થાય

છે અથવા તો ભારતીય સંસ્કૃતિનો પ્રતિધ્વનિ પડે છે. ભારત શાને માટે જીવે છે અને એ અતીત કાળમાં પણ કયા ધ્યેયને નજર સામે રાખીને જીવતું હતું તેનો એ કથન પરથી ખ્યાલ આવે છે, ને ભારતની વિશેષતા સમજાતાં એને માટે આપણા અંતરમાં આદરભાવ ઉત્પન્ન થાય છે.

મૈત્રેયીનું એ કથન કેવું હતું તે જાણો છો ? એણે કહ્યું કે, જેનાથી મારા જીવનનું કલ્યાણ ના થાય અથવા હું અમૃતમય ના બનું તેને લઈને શું કરું ? એ વસ્તુ મારું પરિત્રાણ કેવી રીતે કરી શકે ? હું પણ તમારી સાથે જ તપશ્ચર્યા કરવા માટે આવવા માગું છું.

મૈત્રેયીના એ કથનથી યાજ્ઞવલ્ક્ય પ્રસન્ન થયા અને એને સદ્દુપદેશ આપવા માંડ્યા. એ સદ્દુપદેશ બૃહદારણ્યક ઉપનિષદનું એક અગત્યનું અંગ છે એની ચર્ચામાં આપણે નહિ પડીએ, આપણે તો મૈત્રેયીના એ કથન તરફ સૌનું ધ્યાન ખેંચીશું ને કહીશું કે, ભારતની સાધના ને સંસ્કૃતિ એટલા માટે જ અમર છે કે, આરંભથી જ એણે અમર આત્માનું અન્વેષણ શરૂ કર્યું છે. શાંતિ, મુક્તિ કે સુખની ઇચ્છાવાળા માનવો એ અમર પ્રાપ્તિ કરી શકે છે, એ એનો અનાદિકાળનો ધ્વનિ રહ્યો છે. એને ઝીલીને આપણે એ પ્રમાણે ચાલવાનું જ બાકી છે.

**—પૂ.શ્રીયોગેશ્વરજી**

# ।। સિદ્ધપુરના વિરલ સંત ।।

[સિદ્ધપુર આવ્યા પહેલાં જે સિદ્ધપુરને જાણતા હશે એ હવે સિદ્ધપુરને ચાહતા-પૂજતા થઈ જશે. એમને હવે સિદ્ધપુરના અરવડેશ્વર મહાદેવના મંદિરની, સરસ્વતીતીરની રજ, પણ અતિ પ્રિય-પવિત્ર થઈ જશે. એની હવા સુદ્ધાં પાવનકારી થઈ જશે. હવે એ દેવશંકર બાપાની પુણ્યભૂમિ યાત્રાધામ ને તીર્થધામ થઈ ગઈ છે.]

ભગવાન શ્રીકૃષ્ણે ઓધવજીને કહ્યું હતું કે, 'દરેક તીર્થમાં હું એકાદ સંતને જન્મ આપું છું, જે બધા ભાવિક યાત્રીઓનાં પાપ ધોઈ શકે. પરમ વંદનીય શ્રી દેવશંકર ભટ્ટની-એક સાચા સંતની સંનિધિથી જન્મભૂમિ સિદ્ધપુર પણ અનેક ભાવિકોનું કલ્યાણતીર્થ બની ગયું છે.'

આમ તો પુરાણકાળથી સિદ્ધપુરની મહત્તા માતૃશ્રાદ્ધને લીધે તો છે જ. માતાનું શ્રાદ્ધ અહીં સરસ્વતીકિનારે તથા બિંદુ સરોવર પાસે થાય એનું માહાત્મ્ય ભારતવાસીઓમાં છે.

પણ ઐતિહાસિક, પૌરાણિક તેમજ ધાર્મિક મહિમાવાળા સિદ્ધપુરનું 'આધ્યાત્મિક મહિમાગાન' તો શ્રીદેવશંકરની પચાસ વર્ષની અખંડ-એકધારી તપસ્યાથી જ થયું છે ને ભવિષ્યમાં થતું જ રહેશે. કારણ કે, 'શિવમહિમ્ન' જેમને અતિપ્રિય હતું, જે ગાયત્રીમંત્રના પરમ ઉપાસક હતા અને વિષ્ણુસહસ્રનામને તો જેમણે સિદ્ધપુરને ઘરે-ઘરે ગુંજતું કરી મૂકેલું એટલું જ નહિ, ધ્યાન-સમાધિની નીરવ શાંતિથી સરસ્વતીતટની રજેરજને ચૈતન્યવંતી કરી, કેવળ પ્રભુમય જીવનની જે મિસાલ બની ગયા એ 'બાપા' તરીકે, 'આનર્તના અવધૂત' તરીકે, 'પરમ સંત' તરીકે, 'પવિત્ર ઋષિ' તરીકે હજારો ભાવિકોના હૃદયમાં હંમેશ માટે અધિષ્ઠિત થઈ ચૂક્યા છે.

શ્રીદેવશંકર બાપાને 'ગુજરાતના રમણ મહર્ષિ' કહ્યાં છે. કારણ કે જેમ મહર્ષિએ દક્ષિણ ભારતના તિરુવન્નમલૈના અરુણાચલ પર્વત

પર ૫૪ વર્ષ સુધી સ્વ-સ્વરૂપાનુસંધાનમાં આત્મસ્વરૂપમાં સ્થિર રહ્યા તેમ શ્રી દેવશંકર બાપા પણ પર વર્ષ સુધી અરવડેશ્વરમાં સરસ્વતીતટે પ્રભુસંનિધિમાં તપઃપૂત સ્થિતિમાં રહ્યા. બંને સંતો 'કૌપીનધારી' હતા એટલું જ નહિ, બંને મૌનોપદેશ ધારતા હતા. તત્ત્વજ્ઞાન બંનેમાં જીવનસત્ત્વરૂપે વિલસેલું હતું.

શ્રી દેવશંકર બાપાએ દિવસના બાર કલાક પ્રણામ, પ્રાર્થના, ત્રિકાળસંધ્યા, ગાયત્રી-મંત્રગાન, હરિ અને હરનાં સ્તોત્રોમાં અને દોઢેક કલાકને બાદ કરતાં રાત્રિનો બધો સમય ધ્યાન-ધારણા-સમાધિમાં રહી, પોતાના 'આયુષ્યની પૂરી બાવની' 'પ્રગટ જીવનસંહિતા' જ જગત સમક્ષ ધરી દીધી હતી ! એના સાહજિક પરિણામસ્વરૂપે એમના અસ્તિત્વના અણુએ અણુમાંથી સતત પ્રભુપ્રાર્થના જ પ્રગટતી રહેતી અને પ્રત્યેક શ્વાસ પ્રભુસ્મરણની સુગંધ પ્રસારતો. નદીને એક કિનારે તન-મનના દરેક કષાયને ત્યાગી કેવળ અનાસક્તિ-અપરિગ્રહ ગ્રહી બીજે કિનારે અહર્નિશ પરમાત્માનુસંધાનમાં રત રહી જેની 'મૌન આરાધના'ની સહજતા સહેજે પ્રસરે-વિસ્તરે પછી એને વાણી-લેખનની શી જરૂર ? સાધના જ્યાં સ્વયં બોલે ત્યાં સાધનો શું કરે ?

એટલે જ કોઈ પ્રવચન કે પુસ્તક દ્વારા નહિ, કેવળ પોતાના પૂર્ણ પ્રભુમય જીવન થકી જ એમને જે સિદ્ધ કરવું હતું તે તેમણે કરી લીધું. અને છતાં એ આંતરપ્રદીપનાં અજવાળાં કંઈ કેટલાય જિજ્ઞાસુઓને અંધારામાંથી પરમ તેજે લઈ જવા સર્ચલાઈટ બન્યાં હશે એ કોને ખબર ?

સાચે જ શ્રીદેવશંકર બાપા જેવી વિભૂતિ હજારો-લાખોમાં નહિ, કરોડોમાં જ કોઈ એક હોય. કહ્યું છે ને ?

'ડગલે ડગલે લીમડા, ચંદન વિરલું હોય
કલ્પદ્રુમ તો ક્રોડમાં, કોક વિરલો જોય.'

શ્રીદેવશંકર બાપા સિદ્ધપુરના વિરલ સંત તો ખરા જ, પણ સમસ્ત અધ્યાત્મજગતમાં પણ એમની જોડ મળવી મુશ્કેલ છે.

—શ્રીતરલા દેસાઈ

## ॥ પૂ.શ્રી'મા'ની અદ્‌ભુત સંતપ્રીતિ-સત્પ્રીતિ ॥

(પ.પૂ.શ્રીદેવશંકર બાપાનું જીવનચરિત્ર)

ઈ.સ.૧૯૭૬ના ઑગસ્ટ માસમાં દૈનિક 'સંદેશ'માં દેવશંકર બાપાના ફોટા સાથે નાનકડું લખાણ પ્રગટ શું થયું કે, એ જોઈ તેઓ અકળાઈ ગયેલા. પણ પ્રસિદ્ધિ સામેથી વરમાળ લઈને આવે ને એ કાળદેવતા સ્વયં તૈયાર કરે તો કોઈ શું કરે ?

કહે છે : 'કોઈ ફૂલ કદી પોતાની સુગંધનો દાવો કે પ્રચાર કરતું નથી. પણ એની સુગંધ સ્વયં પ્રસરે છે. છતાં હવાની સૂક્ષ્મ લહેર અજાણતાંય નિમિત્ત બને છે. એમ જે સ્વતઃ સિદ્ધ છે એવા સંતને કદી પોતાની નામનાનો મોહ હોતો નથી. કારણ કે, નામરૂપથી દૂર રહેવા તો તેમની સમગ્ર તપસ્યા-સાધના હોય છે !'

છતાં 'સંતનાં પગલાં પડે જે ધૂળમાં એની રજકણ જો મળે તોય ઘણું !' એવો કોઈનો ભાવ હોય. અને નામરૂપની એમણે ખંખેરી કાઢેલી રજ સુવર્ણરજ-શી મૂલ્યવાન ગણી કોઈ માથે ચઢાવવા ચાહે તો એ સાત્ત્વિક ચાહનાનો ઈન્કાર શા માટે ? સંભવ છે કે, 'એ રજ જ કોઈ ગોપીને એના માધવના શ્રીચરણ સુધી લઈ જાય.'

સંતના પ્રત્યેક પગલામાં સત્યનો-પરમ ચૈતન્યનો સંચાર હોય છે આ શ્રદ્ધા જ 'સિદ્ધપુરના સિદ્ધ સંત શ્રીદેવશંકર બાપા' જીવનચરિત્રના આલેખન માટેનું ચાલકબળ બની છે. અલબત્ત, આ આખીયે લેખનઘટનાનું ધારક બળ છે પરમ વંદનીય 'મા' સર્વેશ્વરી ! જેમની સંતપ્રીતિ, સત્ પ્રીતિનો જોટો મળવો મુશ્કેલ છે. ક્યાંક કશુંક પણ સંતત્વ, સત્યમ્-શિવમ્-સુન્દરમ્ તત્ત્વ

પ્રતીત થયું નથી ને એને પ્રગટ કરવા-કરાવવા એ તત્પર બન્યાં નથી. મંગલમય તત્ત્વનો પ્રસાર જગતના અધ્યાત્મપ્રિય હૃદયમાં બને એટલો સત્વરે અને અધિક થાય એ માટે એ પૂરી સમગ્રતાથી પ્રયત્ન કરે. એટલે પ્રભુસત્તાને એના પર મંજૂરીની મહોર મારવી જ પડે. કોઈપણ શુભ વિચાર એમની ચેતના સાથે સમરસ થઈ જાય ને પછી તો એમની સંનિધિ માત્રથી કાર્ય સિદ્ધ થઈ જાય, સંકલ્પ પણ ન કરવો પડે. વળી, પ.પૂ.શ્રીદેવશંકર બાપા નામના એક સંતનો ગુરુદેવ પ્રભુએ એકવાર ઉલ્લેખ કરેલો. પણ એ નામ પૂ.શ્રી'મા'ના અંતરમાં અધિષ્ઠિત થઈ ગયેલું !

આજે તો શ્રીદેવશંકર બાપાને બ્રહ્મલીન થયે ત્રીસ વર્ષ વીતી ચૂક્યાં છે. ૯૨ વર્ષના એમના દીર્ઘ આયુષ્યનાં પૂરાં બાવન વર્ષ સરસ્વતીતટે અરવડેશ્વર મહાદેવની સંનિધિમાં 'સળંગ એકધારી સાધના'માં વીતાવનારનો કેવળ ઈતિહાસ ન હોય (તત્ત્વતઃ ગયેલા અને આવનાર યુગની સનાતન-નિત્યનૂતન-સદાકાળ ઝળહળતી એક આત્મદ્યુતિ ઝીલવા સક્ષમ મણિ તલાશ કરવો પડે.)

એમના સૂક્ષ્મ સંવિત્‌ને ધારવા-પ્રગટ કરવા સૂક્ષ્મ સંવેદનશીલતા અને સમર્થ ભાષા જોઈએ. જે કોઈ એકલદોકલ વ્યક્તિમાં હોવી અસંભવિત. 'જે છે અને જે રહેવાનું જ છે' એવી સંત શ્રીદેવશંકર બાપાની આત્મગરિમા પ્રગટ કરવા પ્રત્યક્ષ-પરોક્ષ જે કોઈ પરિબળો નિમિત્ત બન્યાં છે.

એ સર્વ કૃતજ્ઞતાનાં અધિકારી તો છે જ, પણ સાથે-સાથે આ પુસ્તકરચનાના જાણે સહભાગી આલેખક છે.

'સંતો જ લખે ને સંતો જ લખાવે પ્રભુને બાપાને સંતાનોને હસ્તે જ બાપાને પ્રસિદ્ધ કરાવવા હશે.' તો જ શ્રીદેવશંકર બાપાના ભત્રીજા શ્રીહેમંતભાઈ ભટ્ટના સુપુત્રનો આપણી સત્સંગી સાથેનો લગ્નસંબંધ આ જીવનચરિત્રના આલેખન માટે નિમિત્તકારણ બન્યો ને !

'આપણી સત્સંગી બહેન જે દેવશંકર બાપાના કુળમાં વધૂ તરીકે જાય છે એમનું જીવનચરિત્ર છપાવી, પ્રસાદરૂપે વહેંચવું એ તેની ફરજ બને છે.' આવો પ્રેમાદેશ પૂ.'મા' સર્વેશ્વરીએ આપ્યો કારણ કે, 'સંતો જ સંતો વિશે લખે અથવા લખાવે' દેવ પૂજવા દેવ થવું પડે. સત્ સત્ત્વ જ સત્ તત્ત્વને આલેખી શકે, કે ઓળખાવી શકે.

'સિદ્ધપુરના સિદ્ધ સંત શ્રીદેવશંકર બાપા'નું પ્રગટ થઈ રહેલું આ જીવનચરિત્ર એક સંતહૃદયની અન્ય સંતસ્વરૂપને અધ્યાત્મજગત સમક્ષ મૂકવાથી 'અંતરતમ આકાંક્ષા'નું સુફળ છે. એનું માધ્યમ બનવા આ કલમ સુભાગી બની છે એ એનું બંને સંતદીધું સદ્ભાગ્ય છે. કહેવાની-લખવાની ભાગ્યે જ જરૂર હોય પણ 'આ પુસ્તકમાં જે કોઈ વિશેષતાઓ છે એ બંને પરમ સંતની પ્રસાદી છે. અને ક્ષતિઓ રહી જવા પામી હોય તો કેવળ મારી છે. તો ઉદાર હૃદયે ક્ષમા કરશો.'

શ્રદ્ધા છે કે, આ પુસ્તક સિદ્ધ સંત શ્રીદેવશંકર બાપાના ચરિત્રને એમની આંતરચેતનાની દીપ્તિને, અનન્ય પરમાત્મપ્રીતિને ઝળહળ રાખવા નિમિત્ત બનશે અને આપણને સૌને પણ એ દિશામાં અભિમુખ કરશે.

**—સંકલન**

# ॥ જીવન સંગીત છે, યુદ્ધભૂમિનું મેદાન નથી ॥

‘શરીર’ અને ‘મન’ માનવનાં હોય એ પર્યાપ્ત નથી, એને ‘અતિમનસ’ સાથે પણ સંબંધ છે અને એ છે ‘સ્વાતંત્ર્ય-પ્રેમ-શાંતિ’ની મૂળભૂત જરૂરિયાત. ‘અધ્યાત્મ’ આપણને આ ત્રણે સ્તરની સંવાદિતા શીખવે છે. જેથી ‘જીવન સંગીત બને, યુદ્ધભૂમિનું મેદાન નહિ.’

માનવની એક બાજુ છે વિજ્ઞાન, ટૅકનોલોજી, આર્થિક બાબતો જે એને બાહ્ય સલામતી-સગવડો-સુવિધાઓ આપે છે. એની બીજી બાજુ છે આધ્યાત્મિકતા જે આંતરિક સલામતી, જીવનને સંગીતમય બનાવવાનો રસ્તો બતાવે છે.

**‘શરીર’** : માનવનું શારીરિક જીવન પ્રકૃતિનો જ એક અંશ છે. એથી પ્રકૃતિનો સહવાસ-સંબંધ જ એની વૃત્તિઓને તંદુરસ્ત રાખી શકે. નહિતર ભૂખ, નિદ્રા, તરસ, જાતીય ઇચ્છા વગેરે વૃત્તિઓ દૂષિત થઈ જશે. માનવના શરીરનું માળખું જટિલ છે એમાં અનેક પ્રક્રિયાઓ સતત ચાલ્યા કરે છે. શ્વાસોચ્છ્વાસ-રુધિરાભિસરણ-હાડકાં-સ્નાયુઓ, કોશો, માંસપેશીઓ, ગ્રંથિઓ બધાં સાથે જીવીએ એટલે ખોરાક, ઊંઘ-કસરત (આહાર-વિહાર) માટે ખૂબ સાવચેત રહેવું પડે. ભૌતિક શરીરને ન્યાય આપવાની જવાબદારી પહેલી. નહિતર ડૉક્ટરો-દવાઓને હવાલે !

શરીર અદ્ભુત રીતે વિકસે છે-બાળપણ, યુવાની, પ્રૌઢત્વ-વૃદ્ધત્વ. ખોરાકનો પ્રકાર, ઊંઘના કલાકો વગેરેમાં ફેર કરી કાળજીપૂર્વક શરીર સાથે સંવાદી થવું પડે.

અતિ આહાર, અલ્પ આહાર, અતિનિદ્રા-અલ્પ નિદ્રા વગેરેથી નિમંત્રિત અવ્યવસ્થા-અરાજકતા નિવારી શકાય. રોગોથી

બચી શકાય તો 'નીરોગી શરીર માનવને સ્વનિર્ભર કરે !'

**'<u>મન</u>' :** મનમાં અનુભવો છે જે સમગ્ર માનવજાતના વારસો છે. માબાપ, જાતિ, સમાજ, સ્કૂલ-કૉલેજ, રાજકીય, સાંસ્કૃતિક વિચારધારાઓ-વર્તણૂંકોની અનેક ભાતો ! બાળક જન્મે ત્યારે એના શરીરના ચેતનતત્ત્વનું કોઈ નામ નથી હોતું પણ પછી નામ-કાળું-ગોરું, હોશિયાર-ઠોઠ એવી ઓળખાણો વધતી જાય છે. અનેક આવરણો ડિગ્રી, વ્યવસાય, સામાજિક સંબંધોનાં ! એક માનવસર્જિત નિશ્ચિત માળખામાં ગોઠવાઈ જવાનું, અલબત્ત અનુકૂળતા, પસંદગી-સ્વીકારનું એમાં સ્વાતંત્ર્ય છે.

**'<u>સર્જનાત્મકતા</u>' :** માનવ કેવળ શરીર-મનનો સરવાળો કરી જીવવા માંડે તો એ એક વ્યવસ્થા-માળખાનો જડ એકમ બની રહે છે. એનો પ્રાણ છે—એની સર્જનાત્મકતા એને માટે અવકાશ ઊભો કરવાની શક્તિ છે પ્રેમમાં !

જો આપણે ચેતન પ્રગટાવવું હશે, જીવન સંગીતમય બનાવવું હશે તો માનવસંબંધોમાં ઊર્જાઓ-સંસ્કારો-માન્યતાઓનો સમુચિત ઉપયોગ કરવો પડશે. વ્યવહારમાં ખંડનાત્મક ઊર્જાઓ ન આવે એવું 'આંતરિક સંતુલન' વ્યક્ત કરવાનું છે. જેને તમે અતિમનસ, આત્મશક્તિ, અધ્યાત્મ કરી શકો.

**'<u>અધ્યાત્મ</u>' :** અધ્યાત્મ એટલે શરીર-મનને વધુ સંવેદનશીલ બનાવવાં. આપણને નિસબત છે એવા નાતાઓમાં કેવી રીતે વર્તવું—કેવી રીતે બીજાના અણગમતા વ્યવહારોમાંથી પસાર થવું. ઘવાયા વિના ! અર્થાત્ રોજિંદા જીવનની ગુણવત્તા કે એકમેકના સંબંધોનું પોત સુધારે એ જ અધ્યાત્મ !

માનવ પાસે વિશ્વની સઘળી સંપત્તિ, વિશ્વનાં શ્રેષ્ઠ વસ્ત્ર-

ભોજન-રહેઠાણનાં સાધનો હશે પણ શરીરમાં ગરબડ હશે, મન ક્ષુબ્ધ હશે તો આ બધાંની કિંમત રાખ બરાબર ! એને માટે 'આંતરિક શક્તિ-હળવાશ' બહુ મહત્ત્વનાં !

માનવ માત્ર પ્રાણી નથી, વૃત્તિઓની પ્રાકૃતતાને સંસ્કૃત કરનારું બુદ્ધિ-વિવેકયુક્ત સામાજિક પ્રાણી છે અને સાથે-સાથે દિવ્યતાનો પ્રસાદ એમાં છે. આ ત્રિપરિમાણી જિન્દગીને જીવતાં શીખે એ જ સાચો માનવ. એ જ એનો સાચો માનવધર્મ. એ જ એની ખરી આધ્યાત્મિકતા !

આપણે ત્યાં માનવો બે વર્ગમાં વહેંચાઈ ગયા છે : એક વર્ગ બાહ્ય જીવનમાં સુખ સમૃદ્ધિ-સુવિધામાં વ્યવહારના જ સંબંધોની ગુફામાં રચ્યોપચ્યો રહે છે તો એક વર્ગ અધ્યાત્મને નામે પરોપજીવી રહી અન્ય સાથેના સંબંધોમાં અત્યંત કંગાળ, ગૌરવહીન, આડંબરી રહ્યો છે.

બાહ્ય-આંતરિક બંનેનો સમન્વય કરીએ તો જ 'સમગ્ર માનવ' ઘડી શકાય.

**'<u>ઉપાયો</u>'** : (૧) ચોવીસ કલાકમાં દરેક માનવે અડધો કલાક જાતને આપવો. મનની ગતિને જોવી. મૂલ્યાંકન વગર, અંગત પ્રતિભાવ ભેળવ્યા વિના જોવું તે.

ભૂતકાળની સ્મૃતિ, ભવિષ્યની ચિંતા એને વિક્ષિપ્ત ન કરે. મન વિશ્રાન્ત થતાં મગજ સુચેત બને, નાડીતંત્ર શુદ્ધ-સંસ્કારી, અસરકારક બને.

દરેક માનવ નિરીક્ષણથી ભ્રમોમાંથી બહાર આવી મનની જીવંત ઓળખાણ કરશે. જીવન જ ગુરુ બની જશે. જે કશું એના પર ઠોકી નહિ બેસે પણ મદદ કરવા તત્પર રહેશે એ જ 'દિવ્યતા' છે.

આમ તો માનવો પાસે જ્ઞાન, ભક્તિભાવ, મંત્ર-જાપ,

ક્રિયાકાંડો, પૂઠા-પૂજા, પ્રાર્થના ધાર્મિક વિધિઓ હોય છે એ મંદિર-મસ્જિદ-ગુરુદ્વારા નિયમિત જાય છે. સદ્‌ગ્રંથો ઉથલાવે છે. પણ આંતરિક રીતે મુક્ત નથી હોતો, બંધનોની ગુલામીમાં હોય છે એટલે જ—ઘરમાં બૂમ બરાડા, પતિ પત્ની પર-બાળકો પર ગુસ્સે થાય. સહકર્મચારીઓ જોડે ગુસ્સો-અણગમો. જેથી સમગ્ર નાડીતંત્ર-શરીર-મનના માળખા પર આઘાતો પડે છે જે 'અસંતુલન' પેદા કરે છે. એ અશુદ્ધિ-મલિનતા છે. જે વિષનું કામ કરે છે. આ પ્રદૂષણ માનવની 'ચેતનામાં ગાંઠો' ઊભી કરે છે—જેને આગ્રહો, વળગણો, ગમા-અણગમા, પૂર્વગ્રહો, નિષેધો તરીકે ઓળખીએ છીએ. આ અસંતુલનો માનસિક બીમારીઓ નોતરે છે : તાણ, ગુસ્સો, ભય, ચિંતા, લોભ, બદલાતી ભાવનાઓ, શરીરમાં ઘણી અવ્યવસ્થાઓ ઊભી કરે છે.

**'<u>ધ્યાન/મૌન</u>' :** આ સ્થિતિ નિવારવા માનવે મનની ગતિને સંપૂર્ણ શાંત કરી દેવી પડે. કોઈ અનુભવ નહિ, કશું કહેવું-સાંભળવું-જાણવું નથી મનને એવી સ્થિતિમાં રહેવા દેવું છે બધું જ સ્થિર થઈ જાય. વિશ્રાન્તિ અનુભવતાં શીખવું પડશે આનું વિજ્ઞાન એ જ ધ્યાન.

મૌન, શૂન્ય, ખાલીપણું. મૌનને હવાલે જો માનવ સમગ્ર અસ્તિત્વને સોંપી દે તો 'જીવનનો મૂળ સ્રોત' (જેની કોઈ દિશા નથી, ગતિ નથી, કારણ નથી, લક્ષ્ય નથી, એ માનવના સમગ્ર અસ્તિત્વમાં ધબકે છે.)

**'<u>ગાઢ નિદ્રા</u>' :** પ્રકૃતિનું પરમ વરદાન. રાત્રિ લંબાવાયેલો દિવસ ન હોય. બહુ ઓછા માનવો નિદ્રાની ગુણવત્તા વિશે ગંભીર હોય છે.

મૌન મારું નિજધામ, આપણી અખંડતામાં આપણે સ્થિર થઈએ.

બહારના અવાજો સંભળાતા નથી ત્યારે આંતરિક નાદ

સંભળાવાનો શરૂ થાય છે. મૌન સમગ્રતાના આયામમાં પ્રવેશે છે. વિશ્રાંતિ આવતાં બધી જ ઊર્જાઓ અંદર કેન્દ્રિત થાય છે. આ ઊર્જાઓ દ્વારા સંજીવની શક્તિનો સંચાર થાય છે. આ સમર્થતત્ત્વ-જીવવાની રીત, નિજધામ, મૂળસ્રોત, ચેતના જાગ્રત થાય છે.

**'પરિવર્તન'** : જ્યારે આપણે 'હું' ભાવમાં હોઈએ છીએ ત્યારે વિચારો-લાગણીઓ ગમા-અણગમા, પસંદગીઓ-પૂર્વગ્રહો-પસંદગીઓ-વિચારોની હલચલથી અભ્રષ્ટ મૌન શૂન્યતાનું ઘર બને છે અને માનવ 'અસ્તિત્વની સમગ્રતા'માં નિવાસ કરે છે.

**'પરિણામ'** : માનવ આંખથી જુએ છે ત્યારે સમગ્રતા જ જુએ છે, કાનથી સાંભળે છે ત્યારે સમગ્રતા જ સાંભળે છે એટલે જ પ્રતિસાદ-દર્શનની ગુણવત્તામાં પરિવર્તન થાય છે.

**'મૌન'** : મૌનમાં મન નેપથ્યમાં જતું રહે છે. એમાં 'જ્ઞાતની ગતિ નથી, અજ્ઞાત ત્યાં પ્રવેશે છે-પ્રગટે છે.' મર્યાદાઓ જણાયાથી માનવ આ સ્થિતિમાં મૂકાય છે. એને જે ભેટ મળી છે ચેતનાની-આત્મચૈતન્યની તે અહીં જાગે છે, કાર્યાન્વિત બને છે. જે માનવના અસ્તિત્વનું સત્ત્વ છે. શરૂઆતમાં એની આવ-જા હશે પણ પછી તો એ મનુષ્યના અખિલ અસ્તિત્વને ભરી દેશે અને એ જ મનુષ્યની અનુભૂતિઓ-પ્રતિભાવોનો અર્થાત્ પ્રેમ-શાંતિ-સ્વાતંત્ર્યનો મૂળ સ્રોત બનશે.

**'જાગૃત માનવ'** : આત્મસંયમ કેળવશે. શિષ્ટાચાર-ગૌરવ નહિ ચૂકે. આભિજાત્ય-ગરિમા દ્વારા સુંદર-ગૌરવમય બનશે. એ જ સંસ્કૃતિ !

દરેક વ્યક્તિ પાસે જે કશુંક શ્રેષ્ઠ છે તેનો ઉપયોગ કરી, નબળાઈઓ ઢંકાઈ-સારાપણું બહાર આવશે.

પછી વ્યવસાયમાં ગમે તે પદે માનવ હોય, એનું માનવ્ય-માનવીયપણું આધ્યાત્મિક સ્પર્શથી સમૃદ્ધ હશે. પરિશુદ્ધ, શાલીન માનવત્વ જ દિવ્યતાને વ્યક્ત થવા માટેનો રસ્તો બનશે.

દિવ્યતાએ માત્ર માનવના શરીરમાં જ નહિ, માનવત્વ-માનવીય પ્રતિભા દ્વારા પ્રગટ થવાનું છે. આ માટે માનવે શરીર, મન વાણી સ્તરે પરિવર્તનની અસર દેખાડવી પડશે.

(૧) શરીરની વિવિધ ક્રિયાઓને એવી રીતે કેળવવી પડશે જેથી તે વધારે સચેત, કોમળ, સ્થિતિસ્થાપક બને. જડ ન બનશે. શ્વાસનો લય લોહીને શુદ્ધ કરે. રુધિરાભિસરણ-પાચનક્રિયાનો પણ એક લય ! આમ શરીરનું તંત્ર સંવાદી રીતે ચાલે.

(૨) વાણી—'ના હું તો ગાઈશ.' વાણી પ્રગટ કરે તેમજ ઢાંકે. 'મારા શબ્દો-અવાજ મને ગમે છે' તેથી જરૂર ન હોય છતાં અતિશયતાભર્યો ઉપયોગ-વખાણ, ટીકા, અદેખાઈ, સુખદઃખની કથાનું પુનરાવર્તન. અથવા ભાવ-હેતુ સંતાડવા ભાષા અસત્ય. હકીકતને બદલે લાગણીઓ, ગમા-અણગમા પૂર્વગ્રહો, શાબ્દિક સ્તરે ઘણું પ્રદૂષણ દોષારોપણ અન્યને અપમાનિત કરવા, આક્રમક રીતે પોતાનો મત રજૂ કરવાનો.

માનવે જગત બદલાય ત્યાં સુધી રાહ જોવાને બદલે ખોટું નહિ બોલવા, નહિ છેતરવા, વચન પાળવા પ્રતિબદ્ધ થાય તો વ્યર્થ ચર્ચાઓમાં ઊર્જા, જ્ઞાનતંતુઓ પર રાસાયણિક પ્રક્રિયાઓ પર જે અસર થાય છે. તેમાંથી બચી જાય.

સંયમ, ચોક્કસાઈ સચ્ચાઈ દ્વારા માનવે વાણીનું શુદ્ધીકરણ કરવાનું છે. કોઈને આઘાત આપ્યા વિના, ઉદ્વેગ કરાવ્યા વિના, સાંભળવું ગમે એવું પ્રિય સત્ય વચન બોલવા તે તૈયાર થાય. એવી વાણી સાંભળનાર-બોલનાર બંને માટે કલ્યાણકર્તા.

(૩) આદતો છોડો—સેકન્ડહેન્ડ ઉછીની વસ્તુ આદતવશ જીવન યાંત્રિક ક્રિયા હોય છે. એમાં અસાવધતાનો અંધકાર હોય છે. આદત જ ન પડે એવી કેળવણી !

રોજ એક નૂતન દિવસ ! શાશ્વત સાથે રોજ નવી મુલાકાત !

દા.ત.સ્નાન આદતવશ કરો છો કે પાણી સાથે સંબંધિત થાઓ છો. એની આંતરક્રિયા જે સંવેદનો જન્માવે છે એની સજાગતા-તાજગી અનુભવોથી ઊર્જા ઉત્પન્ન થાય. જેમાં માત્ર નિર્મળતા-સ્વચ્છતા જ નહિ, પવિત્રતા-શુચિતાની સુગંધ હશે કેમકે સંવેદનશીલતા-સાવધાતાની પોતાની ગુણવત્તા છે.

માનવ નવી આદત ના પાડે, જૂની આદતમાંથી છૂટી, જાતને મુક્ત કરી શકે તો એ જે અનુભવે, જુએ, સમજે, પ્રતિભાવ આપે તો પ્રત્યેક ગતિની સંવેદનશીલતા, સાવધાની, કાળજીની સમગ્રતામાંથી આપે. કેમકે આ જટિલ આંતરસંબંધિત સમગ્રતા એ જ ઈશ્વર છે. 'પછી એ ટચૂકડું પાન હોય કે ફૂલની દાંડી હોય, તણખલું હોય !'

આમ માનવ સાવચેત રહે તો પરિવર્તન કરી શકે છે. પણ આળસુ, મંદ, કાર્યોને મુલતવી નાખનારનાં બધાં કાર્યો ગોટાળાભરેલાં થાય છે.

માનવે યાદ રાખવું ઘટે કે, 'જીવતા રહેવું એ કેવું વરદાન છે ! આપણને આપવામાં આવેલ બધી પ્રકૃતિગત ક્ષમતાઓને સંચરતી રાખવી એ એની અનન્ય કૃપા છે !'

'જ્યાં હો તો સમગ્રતયાં રહો' યાંત્રિક રીતે ન કરો તો આંતરક્રિયા થશે.

**<u>'મૌન—નિરાવરણ ચેતના'</u>** : માનવ મૌનને પણ કશુંક પામવાના સાધન તરીકે વાપરવા માગે છે. વિચાર, સ્મૃતિ,

અપેક્ષાના કોઈ બોજ સાથે એમાં પ્રવેશાય નહિ, બધું પાછળ છોડી દેવું પડે કેમકે એ 'નિરાવરણ ચેતના' છે.

અધ્યાત્મ માગે છે સ્વશિક્ષણ, જીવન જીવવાની વૈકલ્પિક રીત જીવનનું વિજ્ઞાન.

આવા મૌનમાંથી 'નવો માણસ' જન્મે છે. એ અધ્યાત્મની ઊર્જા માનવના અસ્તિત્વને છલોછલ ભરી દે છે.

શરીર એનું એ રહે છતાં તમે અંદરથી એકદમ બદલાઈ ગયા. ગૌતમ ૪૮ દિવસ બોધિવૃક્ષ નીચે બેઠા ને બુદ્ધ બન્યા.

જિસસ પર્વતની ટોચ પર ૪૦ દિવસ એકાંતવાસમાં રહ્યા ને 'આંતરિક મુક્તિ' પામ્યા. આ છે પરિવર્તન !

આ કાલ્પનિક વાર્તા નથી, મૂર્ખાએ કહેલી કથની નથી. એવું કંઈક છે જે વ્યક્તિ સાથે ઘટે છે.

અભૂતપૂર્વ સમર્પણ સાથે અજ્ઞાતની શોધની મથામણ વ્યક્તિગત ધોરણે જ નહિ, સામૂહિક ધોરણે ઉપાડી લેવી પડશે. જીવનની ગુણવત્તાની શુદ્ધિ તો જ સંભવશે. આપણા સંબંધોમાં 'પ્રેમનું અમૃત' પ્રગટવું જોઈએ.

'અધ્યાત્મ' શાબ્દિક-માનસિક સ્વચ્છતાની આકાંક્ષા જગાવે છે.

ગુણાત્મક પરિવર્તન આવતાં જ અસત્ય ભેદાશે, ક્રૂરતા ભેદાશે, સત્ય-પ્રેમ પ્રગટશે-પ્રસરશે. અસીમ દિવ્યતા સ્વશિક્ષણથી પ્રગટે.

બસ ! 'શારીરિક-માનસિક ઊર્જાઓના ઉપયોગ દ્વારા ગુણાત્મક-મૂળભૂત પરિવર્તન સાધવા બધું કરીશ. બાકીનું જીવનના હાથોમાં સોંપી દઈશ.'

**'<u>આત્મતત્ત્વની પ્રતીતિ</u>' :** શ્રદ્ધા અને પુરુષાર્થ સાથેનો પ્રણય રચી માનવ કહે 'મારાથી થઈ શકે એટલું મેં કર્યું છે. બાકી

જીવન સંભાળશે કેમકે એ પોતે જ દિવ્યતા છે.'

સર્વવ્યાપી, સર્વશક્તિમાન, પરમ ચૈતન્ય, આત્મતત્ત્વની પ્રતીતિ થયા છતાં માનવને લાગે કે તે જીવનનો સ્વામી છે, પોતે જે કંઈ કરે છે એ આખરી શબ્દ તો પછી સંપૂર્ણ સત્ય નહિ સમજાય.

માનવયત્નોની મર્યાદાઓ છે એ તથ્ય તરીકે ખુલ્લી થાય તો અહમ્ નિઃશેષ થઈ જાય. જ્યારે કોઈ નિષ્ઠાપૂર્વક પોતાની પૂરી ક્ષમતા દાખવે છે ને દિવ્યતા કે ઈશ્વર તરફથી મળતી મદદ માટેનું ખુલ્લાપણું રાખે છે ત્યારે સહાય આવી મળે છે.

**'વિનમ્રતા'** : અભિમાનમાં પૂરાઈ જનારની ગ્રહણશક્તિ કુંઠિત થઈ જાય છે ત્યારે દિવ્યતા પ્રવેશી શકતી નથી. તેથી જાતને સજ્જ કરવા બે ક્ષમતા-મગજનો ઉપયોગ અને મગજની વિશ્રાંતિ, સંબંધિત થવું ને એકાંતમાં સરી જવું. આ બંને આયામમાં એક સાથે જીવવું પડશે. સમતા-સંતુલન-સંવેદનશીલતા જીવન માત્ર પ્રત્યે આદર એ ધર્મ છે. શારીરિક-માનસિક-શાબ્દિક સ્તરે સંવાદિતા એ અધ્યાત્મ. ગુરુની તલાશ કરવા કરતાં જાતને શિષ્ય તરીકે તૈયાર કરવી-આત્મનિર્ભર બનવું. પછી મદદ તો ગમે તે સ્વરૂપે આવીને મળશે. શ્રીકૃષ્ણ કહે છે 'ભક્તોનું મને વ્યસન છે. હું સચરાચરમાં વ્યાપેલો છું. ક્યારેક એમની સન્મુખ ક્યારેક પાછળ પણ જ્યારે બોલાવે ત્યારે એમની રક્ષા કાજ આવું જ છું.'

તો અધ્યાત્મમાં વિનમ્રતા-આત્મશ્રદ્ધા હોય તો ધ્યાન-મૌન-દિવ્યતા હળવા થવા સમર્થ બનાવશે. દૂરદષ્ટિ-આંતરદષ્ટિ જ્યાં હોઈએ ત્યાં યોગ્ય કાર્યો કરીએ. તો આ અંધાધૂંધીનો તબક્કો વટાવી જઈશું.

**—શ્રીવિમલા ઠકાર**

# ॥ સહજ સ્વરૂપમાં રહો ॥

'BE AS YOU ARE.' શ્રીરમણ મહર્ષિના સહજ મંત્રનું આ સાદું અવતરણ છે.

માનવ માનવ છે જ, હોય છે જ. પણ સાથે આપણે સર્વ પણ ખાસ્સું જાણીએ છીએ કે, માનવ-આકાર હોવા છતાં આપણે માનવીયપણાથી દૂર-વિચ્છિન્ન થઈ રહ્યા છીએ. ગાલિબને એટલે જ કહેવું પડેલું :

'आदमीको भी मयस्सर नहि ईन्सान होना !'

આજના માનવની 'છબી' કેવી અ-માનવની છે !!

(૧) શ્વાસોચ્છ્વાસની નિયમિત પ્રક્રિયા ચાલે છે પણ જીવંતતાનો અભાવ-જીવે છે. જીવન પર પ્રેમ નથી. કુટુંબ-વ્યવસાયની ધરી પર ચાલતા નિયમિત વ્યવહાર-સંબંધો સીમા ત્યજી કદી બહાર રેલાતા નથી.

(૨) આખી જિંદગી ગમા-અણગમામાં વીતે છે. એટલે નરી ગૂંચવણો-વિસંવાદમાં અટવાય છે. પસંદગીરહિત મનના જ ઘોંઘાટો શમે, ચિત્ત શાંત બને, સાચી સમજણ પ્રાપ્ત થાય.

(૩) ગુણવાન બનવા માટે કોઈ કોઈ મથે છે એક-બે સિદ્ધ થઈ પણ ગયા તો ગર્વનો પાર નથી રહેતો, તે સ્વકેન્દ્રી બને છે બાકી દુર્ગુણોથી ભરપૂર માનવીઓ-પૈસો, પદલાલસા, વધુ ને વધુ પરિગ્રહ સદ્ગુણ એક જ છે : 'હું'પણું ન હોય. દુર્ગુણ એક જ અહંકાર.

(૪) દરેક ધર્મ ઈશ્વર, અલ્લાહ કે God શબ્દ ગોખાવી

દીધો છે. પણ શબ્દ કેવળ સંજ્ઞા છે, પ્રતીક છે, સ્વયં સત્ય નહિ. જેમ 'ખાંડ' શબ્દથી મોં મીઠું ન થાય, 'પાણી' શબ્દથી તરસ ન છીપે.

મિથ્યા-અસત્યનું આવરણ દૂર થતાં જ સત્યનાં દર્શન થાય છે.

(૫) મનના પરિગ્રહનો અંત આવતાં ચેતના શૂન્ય બને છે. અને સત્ય-વિવેક પરત્વે તે જાગૃત બને છે.

નિર્વિકલ્પ ચેતના (કારણ શૂન્યમાં વિકલ્પ-સંકલ્પ વિચાર ન હોય)

(૬) વિવિધ રંગ, વિવિધ વેશ ધારી આત્મદ્રોહ કરીએ છીએ. પૂજાઓ-ધાર્મિક વિધિઓ-નામરટણ, બાહ્ય વિધિવત્ ધાર્મિકતાના અંચળામાં માણસ ફસાય છે. આડંબર-અશાંતિ વધે છે. ઉત્તેજનાઓથી ભ્રમ ઉત્પન્ન થાય.

યાત્રા કરવાથી શરીર શુદ્ધ થાય, દાનથી ભૌતિક સંપત્તિની શુદ્ધિ થાય પણ માનવમન તો આંતરિક જ્ઞાનચક્ષુ ખૂલે ત્યારે જ શુદ્ધ થાય.

(૭) યાંત્રિક માનવમાં કુશળતા હોઈ શકે પણ સુખ-સુવિધા ભૌતિક સગવડોની સાહ્યબી-સુખ હોય પણ પરમ આનંદનો અભાવ.

અંતઃપ્રેરણા પ્રાપ્ત કરવા પ્રવૃત્ત નથી થવાનું તમામ આકાંક્ષાઓ થંભી જાય ત્યારે જ મન-હૃદય શાંત થાય અને એ પ્રગટે.

આપણે અશાંત રાહો પર શાંતિ શોધીએ છીએ !!

વાસ્તવમાં નિખાલસતાનો એક જ રંગ જરૂરી. ફાધર લૉરેન્સ કહે છે તેમ ‘રસોડામાં કાર્યરત રહીને પણ ઈશ્વરનું સાન્નિધ્ય માણી શકાય. એને માટે શ્વાસોચ્છ્વાસને નિયમિત કરવા, ટટાર બેસી ધ્યાન પલાંઠી કશું આવશ્યક નથી.’

(૮) ટેવો-આદતોની ગુલામી બાહ્ય જ નહિ આંતરિક મુક્તિની અપેક્ષા. તમામ ટેવોમાંથી મુક્ત થઈને જ સ્વાભાવિક અવસ્થા મેળવાય. જેમાં ઈશ્વરની સંન્નિધિ અનુભવાય. બિંદુ સાગરમાં જ નહિ, સાગર પણ બિંદુમાં પ્રવેશીને બિંદુ બની જાય ! એવી ઉત્કૃષ્ટ આધ્યાત્મિક અનુભૂતિ !

(૯) સમૂહમાં જાહેરાતો બુલંદ અભિવ્યક્તિ થાય. સત્ તત્ત્વની સંનિધિની ! ચંચલ ઊર્મિલતા ! આસક્તિ !

ખરેખર એકાંતમાં આઠે પ્રહર અસાધારણ સંવેદનશીલ રહેવું એ જ પ્રેમની સ્થિતિ છે. આદર્શ નહિ, જે છે, તે જ જુઓ. વેદનાઓનું કારણ દગ-દશ્યની જ પ્રચુરતા છે.

(૧૦) આપણાં કર્મો માટે અન્ય નિરીક્ષકો-સ્થાપીએ. તોલન-માપન-ન્યાય અન્યને સોંપીએ.

હકીકતમાં આપણે જ નીરખવાનું-અવલોકવાનું. લક્ષણો તરફ નહિ, લક્ષણો દ્વારા જોવાનું છે. પ્રતિમાથી-પ્રતિક્રિયાઓથી મુક્ત થઈ જોવું પડે. ‘હું’ ને વિલીન થવું જ રહ્યું તો જ ‘સત્’ની અનુભૂતિ સ્વયંમાંથી બહાર આવે ત્યારે આત્મજ્ઞાન થાય.

(૧૧) માનવ પોતે જે છે તેમાંથી ભાગી છૂટવા પલાયન કરે છે, એ ‘આદર્શ’ છે. અથવા કહો કે ‘અહંકારસર્જિત કાલ્પનિક ખ્યાલ’ છે.

**–શ્રીકૃષ્ણમૂર્તિ**

શ્રીઅરવિંદ કહે છે

આદર્શ એ જીવનની માંદગી છે

વિચાર-વાણીનો એ ચમકતો ઉન્માદ છે

આકાંક્ષાઓની ઉમદા કલ્પના છે.

માનવસહજ અપૂર્ણતાનો એ અંશ છે.

કબીર કહે છે :

હદમાં રહે એ સામાન્ય મનુષ્ય

બેહદપણે વિચરે એ આધ્યાત્મિક

હદ-બેહદની પર જાય એ ગુણાતીત.

(૧૨) જ્ઞાનની ગાંસડી ઉતારવી પડે—મૂળ-અસલ સ્વરૂપ પમાય તો જ કંઈ થાય. ગુમાવેલું બાળપણ પુનઃ પ્રાપ્ત કરવું જ રહ્યું. જ્ઞાન-સમજણપૂર્વક ‘નિર્દોષતાની સ્થિતિ’ પુનઃ પ્રાપ્ત કરવી એ જ ચેતનાનું પરાવર્તન છે.

(૧૩) સમયના ગાળામાં ચેતના સંચય કરે છે અનુભવો ચિત્તમાં સંઘરાતાં આ સંગ્રહ ચેતનાને અપારદર્શક બનાવે છે. નિર્દોષ પારદર્શકતા—જે કંઈ છૂપાવે નહિ, જેમાં કશું આચ્છાદિત નથી. એ પુનઃ પ્રાપ્ત કરવાની.

(૧૪) માનવ ક્રમશઃ કઠોર (પુખ્ત) થતો જાય છે. મૃદુતા—સ્થિતિસ્થાપકતા જોઈએ.

(૧૫) નિયમો-નિયંત્રણોનું જડ તંત્ર અપનાવે છે. હકીકતમાં કોઈ વસ્તુ પરાણે નહિ, વગર નિયંત્રણે સંપૂર્ણ વ્યવસ્થા હોય. શાસન નહિ, અનુશાસન નહિ, સ્વાતંત્ર્ય દ્વારા સ્વનિયંત્રણ !

(૧૬) શુષ્ક બુદ્ધિની નીરસતા. પ્રજ્ઞા શુભ-અશુભ, વિશુદ્ધ-

અશુદ્ધ પરિગ્રહોથી ખીચોખીચ હૃદયના અભિગમમાં બુદ્ધિ-ભાવનાની એકરસતા હોય તેની મધુરપ હોય.

(૧૭) શૂન્યતા દ્વાર સુધી પહોંચે છે. પણ એમાં પ્રવેશવાનું હોય છે. તરબતર. સંપૂર્ણ પરિવર્તન ! પરિણામે જે માત્ર સ્મિતથી, માર્મિક સંપૂર્ણ નિર્દોષતાના સ્મિતથી પૂર્ણ અનુભૂતિ વ્યક્ત કરી દે. 'યાત્રિકના પુનરાગમન'નું ઉત્કૃષ્ટ રહસ્ય પૂર્ણ પરિવર્તિત મનુષ્યનું હોય છે. શૂન્ય-નિર્દોષતાના જળમાં સ્નાન કરવાથી પરમાનંદ. બધા જ પરિગ્રહોનો ભાર ઊતરી ગયો હોય છે. વાયુ જેવો હળવો. ભૂત-ભવિષ્યનો કોઈ ભાર નહિ. પાયાનું પરિવર્તન = નવસર્જન.

આવા સાચા ક્રાંતિકારીને ભ્રષ્ટાચાર કદી સ્પર્શે નહિ તેથી ભ્રષ્ટ જગતમાં એકમાત્ર તે વસી જાણે છે. ભ્રષ્ટાચાર, અપ્રમાણિકતા, ઈર્ષ્યાના જગતમાં માત્ર આવો નિર્દોષ માનવી જ યથાર્થપણે જીવી શકે છે. તેની ઉપસ્થિતિ જ સર્વને માટે આશીર્વાદ. 'One Man's perfection still can save the world.'

આવો મનુષ્ય કર્મ કરે છે, ક્રિયા કરે છે. પ્રતિક્રિયા કદી નહિ. તેથી કર્મના બંધનમાંથી મુક્ત રહે છે.

તે અનુશાસન-નિયંત્રણોની નીપજ નહિ, મુક્તિનો આવિર્ભાવ, પ્રાગટ્ય હોય છે.

આવો મુક્ત માનવ જ માનવ છે. દાર્શનિક-તાત્ત્વિક-આધ્યાત્મિક !!!

**—સંકલન**

# ॥ આરતીનું માહાત્મ્ય ॥

પૂજાવિધિમાં ભગવાનનો સત્કાર કરતાં પ્રકાશ પાથરવાની વિધિ એટલે આરતી. 'આરતી' શબ્દમાં જ 'આર્તભાવ'નો નિર્દેશ જોવા મળે છે. 'आसमन्तात् रतिः' અર્થાત્ 'હે પ્રભુ ! મારો સમગ્ર પ્રેમ આપને વિશે જ થાઓ !' આ ભાવથી થતી ભગવાનની પ્રાર્થના એ જ આરતી. ભગવાનની પધરામણીથી ભક્ત આર્ત બને છે, ગદ્‌ગદ્ બને છે. આપણી દૈનિક સાધનામાં આરતીનું સ્થાન અનેરું છે.

સંસ્કૃત શબ્દ आरात्रिकम् અને પ્રાકૃત શબ્દ आरत्तिय. ઉપરથી આ શબ્દ પ્રચલિત થયો છે. ભગવાનની પ્રતિમા સમક્ષ ઘીથી પ્રગટાવેલો દીવો ચક્રાકારે ફેરવવાની આ સાદી ક્રિયા માત્ર નથી, એ શ્રદ્ધા અને ભક્તિ, માંગલ્ય અને પ્રાર્થનાની ભાવનાઓને વ્યક્ત કરે છે.

વળી, આ ભક્તિકર્મને 'निराजनम्' પણ કહેવામાં આવે છે; જેનો અર્થ છે : 'निःशेषेण राजनं-प्रकाशनम्'—સંપૂર્ણપણે પ્રભુમૂર્તિની શોભા પ્રગટ કરવાની પ્રક્રિયા એ જ છે આરતી. પૂર્વે રાજાઓ સૈન્ય અને શસ્ત્રોની રક્ષા, શુદ્ધ અને પુષ્ટિ માટે દીપ તથા વેદમંત્રો વડે પૂજાવિધિ કરાવતા. તે વિધિ પણ 'નિરાજન' તરીકે ઓળખાતી. આરતી દરમ્યાન પણ ભક્ત આત્મશુદ્ધિ, આત્મપુષ્ટિ અને આત્મરક્ષાનો અનુભવ પ્રાપ્ત કરે છે. આથી, 'નિરાજન' સાર્થક બને છે.

તેલ (સંસ્કૃતમાં-સ્નેહ)થી પલળેલી જયોત જેમ અસ્તિત્વ હોમી દઈને પ્રકાશ આપે છે, તેમ ભગવાનનાં ચરણે સમર્પિત થઈ જવાની પ્રેરણા આરતી દ્વારા મળે છે.

ભગવાને પંચ મહાભૂતમાંથી બનેલા શરીરની આપણને ભેટ આપી. તેમનું ઋણ પાંચ દિવેટોની જ્યોતવાળી આરતી દ્વારા પંચભૂત અર્પણ કરીને ચૂકવાય છે, જેમાં શંખ, ઝાલર, નગારાનો નાદધ્વનિ એ આકાશનું પ્રતીક છે; અગરબત્તીનો ધૂપ વાયુનું પ્રતીક છે; દીપપ્રાગટ્ય એ તેજનું પ્રતીક છે; જળ ભરેલો શંખ એ જળનું પ્રતીક છે; અને દંડવત્ પ્રણામમાં પૃથ્વી તત્ત્વ સમર્પિત છે.

આજે ઘણાં મંદિરોમાં પંચભૂતનાં પ્રતીકો દ્વારા પાંચ વસ્તુઓથી ભગવાનની આરતી ઉતારવામાં આવે છે. પદ્મપુરાણમાં પણ પાંચ રીતે આરતી ઉતારી શકાય, તેની રીત દર્શાવી છે : દીપમાળાથી, જળયુક્ત શંખથી, ધોયેલા વસ્ત્રથી, આંબા-પીપળાનાં પાંદડાથી અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને !

જેમાં ‘પુષ્પ’ પૃથ્વીનું, જળ ભરેલો શંખ જળનું, દીવો તેજનું, ચામર વાયુનું અને સફેદ વસ્ત્ર આકાશનું પ્રતીક ગણાય છે.

પૂર્વે ઊંડાં અને અંધારાં પ્રાચીન મંદિરોના ગર્ભગૃહમાં મૂર્તિઓનાં દર્શન સારી રીતે થઈ શકતા નહિ. તેથી દીવાની જ્યોત ભગવાન પાસે નખ-શિખ ફેરવવામાં આવતી, જેથી મૂર્તિનાં સ્પષ્ટ દર્શન થાય. આ જ ક્રિયાને પછીથી ‘આરતી’નું સ્વરૂપ મળ્યું. સમગ્ર આરતી દરમ્યાન દીવો કેવી રીતે ફેરવવો તેની પણ સુંદર સમજ આપવામાં આવી છે. જેમકે–

आदौ चतुः पादतले च विष्णो र्द्वै नाभिदेशे मुखबिम्ब एकम्।
सर्वेषु चाङ्गेषु च सप्तवारां आरात्रिकं भक्तजनस्तु कुर्यात्॥

‘સૌ પ્રથમ ભગવાનનાં ચરણોમાં ચાર વાર, બે વાર નાભિપ્રદેશ પાસે, મુખ પર એક વાર અને સમગ્ર શરીર પર સાત વાર આરતી ઘુમાવવી જોઈએ !’ આમ કરવાથી, જેમનાં અંગેઅંગ દિવ્ય છે તેવા

પરમાત્માનાં સુંદર દર્શન થાય, મૂર્તિમાં સ્નેહ વધે, પ્રાર્થના આપોઆપ સ્ફુરી આવે, અંતરમાં પ્રકાશ રેલાય.

ભગવાન પધારે ત્યારે સત્કારમાં આનંદ અને હર્ષ ઘોષિત કરવા પૂર્વે નાચ-ગાન અને વિવિધ પ્રકારના અવાજો કરાતા. પછીથી ભક્તોએ તે નાદમાં સંગીત ઉમેર્યું. નગારા-શંખ-ઘંટ વગેરેના નાદથી હર્ષોલ્લાસ વ્યક્ત કર્યો. આ નાદની વાતાવરણ પર એટલી પવિત્ર અસર પડે છે કે અશુભ ભાવો અને કુત્સિત વિચારો દૂર થઈ જાય છે. મન-હૃદયમાં દિવ્યતા પ્રસરી જાય છે અને ભગવાન પધાર્યાની પ્રતીતિ સાથે હર્ષની ભરતી ચડે છે. માટે જ ઘંટનાદ વગેરે કરવામાં આવે છે. આરતી ભગવાનના દિવ્યવિગ્રહની દિવ્યતા ઝીલીને પવિત્ર બની હોય છે, તે પવિત્રતા જ્યોતમાં સચવાય તે માટે આરતી બાદ શંખમાં જળ પૂરી ત્રણ આવર્તન દ્વારા (ગોળ ફરવીને) વરુણદેવની ચોકી મુકાય છે. વધેલું જળ શંખથી ભક્તો ઉપર છાંટવામાં આવે છે, જે અમૃતવર્ષા કહેવાય છે.

આરતી પછી ભક્ત પોતાના હાથ વડે આરતીની જ્યોતને વધાવી પોતાની આંખે અને મસ્તકે ચડાવે તેને ‘આશકા’ લેવાની વિધિ કહે છે. ભાવિકો માથે, હૃદયે જ્યોતની આશકા ચડાવી પ્રભુનો પ્રકાશ હૃદયમાં પ્રગટે તે માટે ભાવના વ્યક્ત કરે છે. વરુણની ચોકીના કારણે ભગવાનની દિવ્યતા જ્યોતમાં અકબંધ સચવાય છે. તે દિવ્યતાનો સ્પર્શ આપણને પણ દિવ્ય બનાવે છે અને હજારો યજ્ઞના અંત કરાતા અવભૃથ સ્નાનનું પુણ્ય પણ મળે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયની આરતીના શબ્દો છે : ‘જય સદ્‌ગુરુ સ્વામી...’ આ આરતીની રચના પાછળ સુંદર ઈતિહાસ છે :

શ્રીજીમહારાજને ધર્મધુરા સોંપી ગુરુ રામાનંદ સ્વામી સને ૧૮૦૧માં ધામમાં પધાર્યા. રામાનંદજીના મુખ્ય શિષ્યોમાં મુક્તાનંદ સ્વામીને ક્યાંય ચેન પડે નહિ. એક સવારે કાલવાણી ગામની સીમમાં મુક્તાનંદ સ્વામી શૌચ માટે ગયા. એ ખાખરાનું વન હતું. અચાનક રામાનંદ સ્વામીએ દિવ્યરૂપે દર્શન દઈને કહ્યું : 'મુક્તાનંદ સ્વામી ! દિલગીર કેમ છો ? મેં નહોતું કહ્યું, હું તો ડુગડુગી વગાડનાર છું ને ખરા ખેલના ભજવનાર તો હવે આવશે ! એ આ શ્રીજીમહારાજ-સહજાનંદ સ્વામી છે...તેમની આજ્ઞામાં રહેજો....'

બસ, તેઓ અદૃશ્ય થયા ને મુક્તાનંદ સ્વામીએ આનંદવિભોર થઈ સહજાનંદ સ્વામીને ગુરુગાદી પર બેસાડ્યા. જાતે કરેણનાં ફૂલની માળા બનાવી. ઘીના દીવાથી શ્રીજીમહારાજની આરતી રચી : 'જય સદ્‌ગુરુ સ્વામી !' તત્કાળ રચેલી આ શીઘ્ર રચના સંપ્રદાયની પ્રણાલિઓમાં અમર સ્થાન ભોગવી રહી છે !

ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલી-સંવર્ધિત કરેલી ભક્તિપરંપરા મુજબ આજે પણ તમામ શિખરબદ્ધ મંદિરોમાં પાંચ આરતી દ્વારા પ્રભુને આરાધવામાં આવે છે.

પ્રાતઃઆરતી 'મંગળા', પછીની 'શણગાર', નૈવેદ્ય ધરાવ્યા પછીની આરતી 'રાજભોગ', સાંજ ઢળે 'સંધ્યા' અને પોઢાડ્યા પૂર્વે 'શયન'—આ પાંચ આરતી દ્વારા મંદિરોમાં હંમેશ દિવ્યતા રેલાતી રહે છે. હરિમંદિર કે ઘરમંદિરમાં હજારો ભક્તો સવાર-સાંજ એમ બે સમય આરતીનો લાભ લઈ પ્રભુભક્તિનું અખૂટ બળ પ્રાપ્ત કરે છે.

**—સંકલન**

# ।। કમળના ખીલવાની સફર ।।

શું તમે ક્યારેય વરસાદનાં ટીપાંને પડતાં જોયાં છે ? ધરતી પર પડે તો તે જીવન આપે, પાણીમાં તો ત્યાં જ વિલીન થઈ જાય. પરંતુ કલ્પના કરો કે તે ટીપાં કમળના ફૂલ પર પડે તો..? ત્યાં કંઈક અદ્ભુત થાય છે. એ પાણીનું ટીપું ઝગમગતા મોતીમાં પરિવર્તિત થઈ જાય છે ને કમળની પવિત્રતાથી સમૃદ્ધ બને છે.

આ સુંદર વાત, "सर्वगुण संपन्ने भक्त शिव शंकर"ના શબ્દોને પ્રતિબિંબિત કરતી આપણને સમજાય છે કે, આપણું આસપાસનું વાતાવરણ આપણને આકાર આપે છે. જ્યારે આપણે યુવા અવસ્થામાં પગ મૂકીએ છીએ, ત્યારે આપણે એ વરસાદનાં ટીપાંની સમાન જ છીએ.

આપણે કરેલી પસંદગીઓ, આપણે રાખેલી સંગત—આ બધું આપણું જીવન કઈ દિશામાં આગળ વધે છે તેને પ્રભાવિત કરે છે.

પરંતુ જેમ કમળ તે ટીપાંને મોતીમાં પરિવર્તિત કરે છે, તેમ આપણું આંતરિક બળ અને શ્રદ્ધા આપણને સકારાત્મકતા તરફ દોરી, આપણા આંતરિક વિકાસને પોષે છે.

માતા-પિતાથી દૂર રહેતાં, પૂજ્ય 'મા'નો પ્રભુનાં બાળકો પર તેમનો સ્નેહ ક્યારેક આપણા માતા-પિતા અને ક્યારેક આપણા સર્વોત્તમ મિત્ર (સખા)ના રૂપે પ્રગટ થાય છે. કદાચ આ જ રીત હશે કે જેના ભાગ રૂપે પૂજ્ય 'મા' પ્રભુ તેમના બાળકોની સાચી પરખ કરી તેમની અંદર રહેલા કમળને ખીલવવા માર્ગદર્શન આપતા હશે. આવા જ કોઈ સમયમાં મારું પણ પૂજ્ય 'મા' પ્રભુ સાથેનું જોડાણ વધુ મજબૂત બનતું જણાયું.

મને આજે પણ પૂજ્ય 'મા' એ કહેલા તે સુંદર શબ્દો યાદ છે :

"નિષ્ઠા ત્યાં એકલી નથી જઈ રહી, 'મા' પ્રભુ નિષ્ઠાની સાથે જ છે—આગળ-પાછળ, ઉપર-નીચે અને આજુબાજુ, સર્વ

દિશાઓમાં તેને રક્ષણ આપશે.''

આ એક આશીર્વાદ મને સતત યાદ અપાવે છે કે 'મા' પ્રભુમાંની અડગ નિષ્ઠા મારી સાથી છે, તમામ પરિસ્થિતિઓમાં, તમામ દિશાઓમાં મને રક્ષણ આપનાર ઢાલ છે અને મારો આ જ વિશ્વાસ મારા દરેક નિર્ણયમાં મારું માર્ગદર્શન કરે છે. જેમ 'મા' કહે છે, ''પ્રાર્થનાને મેં મારી સખી બનાવી છે.''

ઉત્તમ મૂલ્યો અને સપનાંઓ ધરાવતા લોકો સાથે રહો. એવી પ્રવૃત્તિઓમાં જોડાઓ જે તમારું મનોબળ વધારશે અને તમને તમારા અંદરના સ્વ સાથે જોડશે. 'મા' પ્રભુની હાજરી શારીરિક અંતરથી પર છે. ધ્યાન, પ્રાર્થના અથવા માત્ર તેમની કૃપાનો વિચાર—આ બધું તમારા અને 'મા-પ્રભુ'ના જોડાણને વધુ મજબૂત બનાવી શકે છે. હું વ્યક્તિગત રીતે દરરોજ પ્રભુજીના પ્રવચનો સાંભળું છું, અને ભલે તે ઘણી વાર સાંભળ્યા છે, પરંતુ દરેક વખતે કંઈક નવું શીખવા મળે છે—જાણે રોજનું પ્રેરણાસ્રોત જ હોય તેમ.

સ્વતંત્ર રીતે જીવવાનું. આ પ્રવાસ પણ 'મા પ્રભુ'ની શરણમાં વધુ નજીક આવવાની તક છે. દરરોજ થોડો સમય—અરે થોડી મિનિટ પણ—'મા પ્રભુ' સાથે જોડાઈ જવાનું. તે મંત્રજાપ હોઈ શકે, કોઈ ગ્રંથ વાંચવો અથવા શાંતિથી બેસી પ્રાર્થનામાં હૃદય વ્યક્ત કરવું. આ ભક્તિની ક્ષણો આપણને સ્થિર રાખશે અને 'મા પ્રભુ'ના અડગ પ્રેમ અને સમર્થનની યાદ અપાવશે.

'મા પ્રભુ' પરની શ્રદ્ધા અને વિશ્વાસ, માતા-પિતાની બુદ્ધિપૂર્વક નિર્ણયો લેવાની પ્રતિબદ્ધતા—આ બધું જ એક સંતોષકારક અને સમૃદ્ધ કૉલેજજીવનના ઘટકો છે. આપણે અંતરાત્માના અવાજ પર વિશ્વાસ રાખવો જોઈએ, સકારાત્મક પ્રભાવોને શોધી અને સૌથી અગત્યની વાત—'મા પ્રભુની' હાજરી ક્યારેય ભૂલવી ન જોઈએ. પૂજ્ય 'મા પ્રભુ'ના ચરણોમાં વંદન સહ..

—શ્રીનિષ્ઠા પંડ્યા

# ॥ એક કાવ્યરચના ॥

માણસ દરરોજ કેવાં નાટક કરે છે !
તોય ઈશ્વર એને રોજ માફ કરે છે.
માગો કશું તો ક્યાં સવાલ કરે છે !
માગ્યા વગર આપી સૌને રાજી કરે છે.
ક્યારેક ન સાંભળવાનો ડોળ કરે છે !
ને છતાં સમયે આવીને મદદ તો કરે છે.
કેટકેટલાં માણસો રાગદ્વેષ કરે છે !
છતાં ઈશ્વર તો પારદર્શક ન્યાય કરે છે.
સાચા હૃદયે સાદ પણ ક્યાં માણસ કરે છે !
તોય પ્રસાદરૂપે પ્રભુ પોતે પ્રતિસાદ કરે છે.

**—શ્રીરૂચિત પંડ્યા**
**(દિલખુશ)**

# ॥ શ્રીસુશીલાબેનનાં આશીર્વચન ॥

તેર નવેમ્બર, ૪૩ની રાતડી, કારતક વદની બીજે ખરી એક તારલી
એ તેજસ્વી વિરાગી 'મા' ભગવતી, યોગીશ્વરીનાં ચરણોમાં પ્રણામપુષ્પો !
પૂ.મોટા ! દીર્ઘ આયુષ્યમાન રહો.

આપનાં સુશીલાબેનના નમસ્કાર !

આપ અગણિત વરસો સુધી પ્રસન્ન પ્રફુલ્લિત પુષ્પ જેવાં નિખરતાં રહો.
પૃથ્વીપટે ગુરુગાથા ગાતાં ગાતાં સો સો વસંત સુધી આયુષ્યમાન રહો.
વળી સામવેદી શબ્દગાથાની રસધારાનો અસ્ખલિત પ્રવાહ
કોકિલકંઠીનો વૈરાગી વૈભવ સૂરીલા કંઠમાંથી વહેતો રહો, વહેતો રહો.
વહ્યા જ કરો એ વિરાગી રસધારાનો વૈભવ અસ્ખલિત રહો
આપની વૈરાગી આભા દેદીપ્યમાન બની રહો.
સ્વયમ્ સૂરસરિ-સરસ્વતી, સરોજિની બની રહો.
વળી એ જ નિર્મલ કાલિન્દીની પવિત્રતાનું આવરણ
અમીરસધારા એ જ 'મા' સર્વેશ્વરી !
એ જ પૂ.'મા' યોગીશ્વરીનાં ચરણોમાં વંદન !

પ્રણામપુષ્પોથી વંદન.

ભારતનું સોનેરી પ્રભાત અનસ્ત રહો !
દીર્ઘ આયુષ્ય 'મા'ની શતાબ્દિની બની રહો !!

**—શ્રીસુશીલા ભક્ત**

# ॥ અમૃતમ્ ॥

તમારા જીવનમાં
આંતર્બાહ્ય સરળતા, પવિત્રતા અને સત્યપ્રિયતા સ્થપાય;
પ્રભુમાં
અમિટ, અમિશ્ર શ્રદ્ધા સ્થિર થાય.

પ્રભુની સુમધુર સ્મૃતિ
તમારા ચિત્તને
સદૈવ સ્વચ્છ અને
પ્રસન્ન રાખે.

તમારી વૃત્તિ, દૃષ્ટિ અને વર્તનમાંથી
કાઠિન્ય અને કર્કશતા દૂર થાય અને
સાચી મૃદુતા વ્યક્ત થાય;
તમારું મધુમય જીવન
અનેક દુઃખી જીવાત્માઓને રૂઝ વાળે, શાંતિ આપે.

સમસ્ત જગત 'મા'ની આનંદલહરી છે.

**–શ્રીનાથાલાલ જોષી**

## ॥ સપ્તરંગી છે આ સંસાર રે ॥

સપ્તરંગી છે આ સંસાર રે, સૌને લાગે મીઠો રણકાર
જ્યાં ત્યાં ઝૂકી રીઝવવાનો, બંધનને મુકિત ગણનારો
વિઘ્નજાળ વચ્ચે ગૂંચવાયેલો, સૌને લાગે મીઠો રણકાર
જ્વાળામુખીસમ એ ઝળહળતો, ખૂણેખૂણો ત્યાં રડતો કકળતો
અમૃતવિષનો એ મધપૂડો, સ્વજનોએ અનુભવથી ગાયો.
ભવકૂપમાં એ તો ડૂબાડતો, સૌને....
સંતના સંગે લાગે મધુરો, અલૌકિક આનંદ મઢેલો
પેલે પાર એ તો પહોંચાડતો, સૌને....

- પૂ. શ્રી 'મા' સર્વેશ્વરી

(રાગ-તમે સૃષ્ટિના સર્જનહાર રે.... આજ વૃંદાવન)

Regd. No. : BVHO/113/2024-2026,
Renewed upto 31-12-2026. R.N.I. No. 71957/99

"કોઈએ કારણે ને
કોઈયે સંજોગોમાં
તમારા જીવનધ્યેયની
સંસ્મૃતિને છોડી ન દો."

- પૂ. શ્રીયોગેશ્વરજી

Permitted to SPO's Bhavnagar, Posted at RMS Office Bhavnagar
on 1st of every month. Total Volume Pages 68.
Price per copy Rs.8/- Annual Subscription Rs.25/-